સુરક્ષા સેતુ યોજના

રાજયમાં સ્ટુડન્ટ કેડેટ પોલીસ પ્રોજેકટ શરૂ કરવા બાબત.

ઠરાવ ક્રમાંકઃ-સરક્ષ/૧૦૨૦૧૩/૧૯૨૫/ટ
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર, તા.૨૫/૧૧/૨૦૧૩.

વંચાણમાં લીધાઃ-

૧) ગૃહ વિભાગનાતા.૨૬/૦૯/૧૨ના બે ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ.

આમુખઃ-

રાજયમાં વંચાણમાં લીધેલ ઠરાવોથી સુરક્ષા સેતુ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનામાં રાજયના તમામ નાગરિકો અને પોલીસ વચ્ચે વિશ્વાસનો સેતુ દ્રઢ થાય, પોલીસ તંત્રની સંવેદન શીલતા વધે, તથા પોલીસને નાગરિકો તરફથી જરૂરી સહકાર મળી રહે તે મહત્વના મુદ્દાઓ છે.

રાજયમાં વિદ્યાર્થીઓને વધુ જવાબદાર નાગરિક બનાવવા તથા તેમનામાં શરૂથી જ દેશ ભકિત, આદર્શ નાગરિકતા, સમાજના અન્ય વર્ગ પ્રત્યે સંવેદન શીલતાવધે તેમજ વિદ્યાર્થીઓ તરફથી પોલીસ તંત્રને પણ જરૂરી સહકાર વધુ પ્રમાણમાં મળી રહે અને પોલીસ પણ સમાજ પ્રત્યે વધુ સંવેદન શીલતા દાખવી શકે, ગુનાઓ બનતા જ અટકે તે માટે, સુરક્ષા સેતુ યોજના અન્વયે રાજયમાં **"સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટ"**અમલમાં મુકવાની બાબત વિચારણામાં હતી. વિચારણાને અંતે સમગ્ર રાજયમાં આ પ્રોજેકટ અમલમાં મુકવાનુ આથી ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

**"સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટ"**નીચે મુજબની શરતોએ અમલમાં મુકવામાં આવેલ છે.

૧) આ પ્રોજેકટ સમગ્ર રાજયમાં તાત્કાલિક અસરથી અમલમાં મુકવામાં આવે છે.

૨) આ પ્રોજેકટ, તેમજ તે અંગેની મેન્યુઅલ આ સાથે ના પરિશિષ્ટ-૧, મુજબ રહેશે. આ પરિશિષ્ટમાં પ્રોજેકટના હેતુઓ તેમ જ પ્રોજેકટ કઈ રીતે અમલમાં મુકવામાં આવશે તે અંગે વિગત વાર

૩) પ્રોજેકટનો અમલ સબંધિત જીલ્લા/કમિશ્નરેટ કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટી ધ્વારાઅમલમાં મુકવામાં આવશે.

૪) આ પ્રોજેકટના નોડલ અધિકારી તરીકે પોલીસ કમિશ્નર કચેરીમાં અધિક પોલીસ કમિશ્નરશ્રી/ નાયબ પોલીસ કમિશ્નરશ્રી(વહીવટ) રહેશે. જયારે જિલ્લા કક્ષાએ નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી (મુખ્યમથક) નોડલ અધિકારીશ્રી રહેશે.

૫) આ પ્રોજેકટના અનુસંધાનમાં રેન્જ આઈ.જી.શ્રી (સુરત)ને રીસોર્સ પર્સન તરીકે નિયુકત કરવામાં આવે છે. આ પ્રોજકેટ અમલમાં મુકવા તેઓશ્રીધ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.

શ્રી હસમુખ પટેલ,
હાલ રેન્જઆઈ.જી.શ્રી સુરત.
(સંપર્ક નંબર. ૦૨૬૧–૨૬૬૮૬૬૬, મો.નં.૯૯૭૮૪૦૬૨૬૫)

આ સુચનાઓનો અમલ કરવા તથા તાબાના તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓના ધ્યાને લાવવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના નામદાર રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.વી.સુથાર)
નાયબ સચિવ

પ્રતિ,
(૧) નામદાર રાજય પાલશ્રીના સચિવશ્રી.
(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
(૩) તમામ માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
(૪) સચિવાલયના તમામ અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી
(૫) સચિવાલયના તમામ વહિવટી વિભાગો
(૬)પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૭) માહિતી કમિશ્નરશ્રી, ગુ.રા. ગાંધીનગર–બહોળી પ્રસિધ્ધી આપવા વિનંતી સહ.
(૮) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
(૯) સચિવશ્રી રાજય માહિતી આયોગ, ગાંધીનગર.
(૧૦) સચિવશ્રીઅન્ય પછાત વર્ગો માટેનુ પંચ.ગુ.રા.ગાંધીનગર.
(૧૧) રજીસ્ટારશ્રી ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
(૧૨) સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ. ગાંધીનગર.
(૧૩) એકાઉન્ટન જનરલ રાજકોટ, અમદાવાદ.
(૧૪) ગૃહ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ, બોર્ડ/ નિગમો.
(૧૫) તમામ જિલ્લા કલેકટરશ્રી
(૧૬) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
(૧૭) કમિશ્નરશ્રીમધ્યાહન ભોજન અને શાળાઓની કચેરી, ગુ.રા.ગાંધીનગર.
(૧૮) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, ગુ.રા.ગાંધીનગર.
(૧૯) સભ્ય સચિવશ્રી, રાજય સુરક્ષા સેતુ સોસાયટી અને IGP શ્રી, SCRB, ગાંધીનગર.
(૨૦)તમામ પોલીસ કમિશ્નરશ્રી
(૨૧)તમામરેન્જઆઈ.જી.શ્રી
(૨૨) તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી
(૨૩)અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી.
(૨૪) સીલેક ફાઈલે.

પરિશિષ્ટ-૧

# ગુજરાત સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના

૩૬૩/પ્રથમ

રાજ્ય સરકારની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત આ યોજનાના હેતુઓને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ પોલીસ કેડેટ ( S.P.C.) યોજના શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે યોજના નીચે મુજબ અમલમાં મુકવામાં આવશે.

૧. આ પ્રોજેકટને એસ.પી.સી. પ્રોજેકટ કહેવામાં આવશે.
૨. આ પ્રોજેકટ ગૃહ વિભાગ તેમજ શિક્ષણ વિભાગના સંયુકત ઉપક્રમે અને માર્ગ અને પરીવહન વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, નશાબંધી અને આબકારી વિભાગ, માહિતી વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ તથા રમત ગમત વિભાગ, ઉર્જા વિભાગ, તથા આપતિ વ્યવસ્થાપન તંત્રની મદદથી અમલમાં મૂકવામાં આવશે.
3. આ પ્રોજેકટ મુખ્યત્વે સરકારી શાળાઓ અને સરકારી સહાયતા મેળવતી શાળાઓમાં અમલમાં મૂકવામાં આવશે.
૪. આ પ્રોજેકટને જરુરી સાધનો તથા માનવ બળને તાલીમ આપી બે વર્ષ માટે અમલમાં મૂકવામાં આવશે.
૫. આ યોજના રાજયના સુરક્ષા તંત્ર અને શૈક્ષણિક તંત્ર વચ્ચે સર્જનાત્મક જોડાણ સાબિત થશે. પોલીસ વિભાગના નેતૃત્વ હેઠળ આ પ્રોજેકટના નીચેનાં હેતુઓ સિધ્ધ કરવામાં મદદ કરશે.

## એસ.પી.એસ. પ્રોજેકટનાં હેતુઓ

1. સ્વેચ્છાએ કાયદાનું પાલન કરે, કાયદાને આદર આપે તેવી યુવા પેઢીનુ ઘડતર કરવુ તથા તેઓમાં આદર્શ નાગરિક ભાવના પેદા કરવી.
2. બિનસાંપ્રદાયિક વર્તન અને નિઃસ્વાર્થ સમાજ સેવા કરે તેવી યુવા પેઢીનું સર્જન કરવું.
3. યુવાપેઢીની સખત મહેનત કરવાની ક્ષમતા વધે અને સિધ્ધિઓનાં સોપાનો સર કરે તે માટે સારું આરોગ્ય, સ્વસ્થ માનસિક અને શારીરિક સ્થિતિ, આત્મસંયમ અને શિસ્તનાં વિકાસ માટે સવલતો પૂરી પાડવી.
4. યુવાનોને ગૃહ વિભાગ અને શિક્ષણ વિભાગ તેમજ માર્ગ અને પરિવહન વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, નશાબંધી અને આબકારી તેમજ માહિતી વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ અને રમત ગમત વિભાગ, ઉર્જા વિભાગ તથા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે મળીને ગુના અટકાવવા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવામાં, માર્ગ સલામતિના પ્રોત્સાહન કાર્યક્રમમાં અને આંતરિક સુરક્ષા અને કુદરતી આપતિ વ્યવસ્થાપનમાં મદદરૂપ થઇ શકે તેવા સમક્ષ બનાવવા.

5. યુવાપેઢીમાં સામાજીક વચનબધ્ધતા પેદા કરવી અને તેઓને સમાજમાં પ્રવર્તમાન અનિષ્ઠો- બદીઓ, માદક પદાર્થોનો ઉપયોગ, અસહિષ્ણુતા, હિંસકતા, અલગાવવાદ અને આતંકવાદ વિરુધ્ધ લડવા પ્રોત્સાહિત કરવાં.

6. યુવાપેઢીમાં તેમની આંતરિક શકિતનો વિકાસ કરી હકારાત્મક અભિગમ, સબળ નેતૃત્વ, ટીમવર્ક, નવીન વિચારો તથા મુશ્કેલીઓનો સામનો કરવાની શકિત કેળવવી વિગેરે જેવાં ગુણોનું સિંચન કરવું.

7. યુવા પેઢીમાં ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજીનાં સલામત ઉપયોગ ધ્વારા જ્ઞાન અને સમજમાં વધારો કરવા તેમજ તેની નકારાત્મક અને ખરાબ અસરથી બચાવવા અને વિશાળ સંભવિત ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજીનો મહતમ લાભ લેવાં ઉતેજન આપવું.

8. યુવાનોને બિનસાંપ્રદાયિકતા અને અન્યોનાં મૂળભૂત અધિકારોને માન આપવા માટે પ્રોત્સાહિત કરવા તેમજ તેઓમાં દેશ-પ્રેમ, નિખાલસતા, વિશાળ હૃદયી, આત્મિયતા, કાર્યક્ષમતા અને અસરકારકતા જેવાં ગુણોનું આરોપણ થવાથી તેઓને ભારતનાં બંધારણમાં જણાવેલ મૂળભૂત ફરજો સ્વેચ્છાએ બજાવવા માટે તૈયાર કરે છે.

9. યુવા પેઢીને સ્વૈચ્છિક રીતે કાયદાનું પાલન કરતા જવાબદાર નાગરિકત્વનું જ્ઞાન, લોકતાંત્રિક વર્તન, નિસ્વાર્થભાવે સમાજની સે.વા કરતા કરતા કુદરતી (નૈસર્ગિક) જીવન જીવે એવી રીતે ઘડતર કરવું.

10. સારી તંદુરસ્તીનો સરળતાથી વિકાસ થાય, તન અને મનનું સ્વાસ્થ્ય જળવાય, સ્વનિયંત્રણ અને શિસ્ત પાળતો યુવાવર્ગ તેમની ક્ષમતા વધારે અને કઠોર પરીશ્રમ કરી તેમનું આગવું ભવિષ્ય ઉજ્જવળ બનાવે તથા રાષ્ટ્રની ઉન્નતિમાં યોગદાન આપે.

11. એસ.પી.સી.ના હેતુ નેશનલ યુથ પોલીસીના ધ્યેયને આવરી લે જે અનુસાર આદર્શ ભારતના નિર્માણમાં યુવા વર્ગ જોડાય અને દેશની ઉન્નતિના ભગીરથ કાર્યમાં સહાયક બને તે છે.

૬. આ પ્રોજેકટમાં પસંદ કરેલી શાળાઓમાંથી ૨ શિક્ષકોની અનુક્રમે કોમ્યુનિટી પોલીસ ઓફીસર અને વધારાના કોમ્યુનિટી પોલીસ ઓફીસર તરીકેની નિમણુંક કરવામાં આવશે. પોલીસ સ્ટેશનના મુખ્ય અધિકારીશ્રીઓ પોલીસ સ્ટુડન્ટ કેડેટ લાયઝન ઓફીસર તરીકે કાર્ય કરશે.

- દરેક શાળાઓ દીઠ ૨ ડ્રીલ ઇન્સ્ટ્રકટરોની નિમણુંક કરવામાં આવશે.
- ઇન્ડોર તાલીમ કોમ્યુનિટી પોલીસ ઓફીસર ધ્વારા અને આઉટડોર તાલીમ ડ્રીલ ઇન્સ્ટ્રકટરો ધ્વારા આપવમાં આવશે.
- એસ.પી.સી. તાલીમમાં પી.ટી.ની તાલીમ, પરેડ, ક્રોસ કન્ટ્રી દોડ, રુટ માર્ચ, યોગ, અનાર્મ કોમ્બેટ વગેરેનો સમાવેશ કરવામાં આવશે.

- આ ઉપરાંત સરકારી કચેરીઓની મુલાકાત, પ્રેકટીકલ ટ્રેનીંગ પ્રોજેકટ અને કેમ્પ કરવામાં આવશે.

- આઉટ અને ઇનડોર તાલીમ માટે સમગ્ર વર્ષનું મેન્યુઅલ તથા તાલીમ કેલેન્ડર તૈયાર કરવામાં આવશે. રાજય સરકાર ધ્વારા રાજય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીની એકઝીકયુટીવ કમીટી આ યોજના માટે રાજય સ્તરની સલાહકાર સમિતિ તરીકે કાર્ય કરશે.

૭. જિલ્લા સ્તરે, કમિશ્નરેટ સ્તરે અને શાળા સ્તરે સલાહકાર સમિતિની રચના કરવામાં આવશે. આ બંને સમિતિઓમાં આગળ જણાવ્યા પ્રમાણેનાં વિભાગોનાં અધિકારીઓને સભ્યો તરીકે રાખવામાં આવશે.

૮. રાજય સ્તરે એક નોડલ ઓફીસરની નિમણુંક કરવામાં આવશે જે સમગ્ર રાજયમાં આ પ્રોજેકટના અમલીકરણ માટે જવાબદાર રહેશે. આઇ.જી.પી. એસ.સી.આર.બી હોદ્દાની રૂએ રાજ્ય કક્ષાના નોડલ અધિકારી તરીકે કાર્ય કરશે. તે જ રીતે જિલ્લાના/કમિશ્નરેટ નોડલ ઓફીસરની નિમણુંક કરવામાં આવશે જે જિલ્લા સ્તરે આ પ્રોજેકટનાં અમલીકરણની દેખરેખ રાખશે. જિલ્લા / કમિશ્નરેટ માં નોડલ અધિકારી તરીકે ગેઝેટેડ પોલીસ અધિકારીની નિમણૂક કરવામાં આવશે.

૯. રાજય સરકાર ધ્વારા સંબંધિત વિભાગોનાં અધિકારીઓની નિમણુંક કરવામાં આવશે જે સાથે જોડેલ નિયમસંગ્રહ (Manual) પ્રમાણેની જવાબદારી અને ફરજો અદા કરશે.

૧૦. એસ.પી.સી. અધિકારીઓ તેમજ કેડેટ માટેનાં યુનિફોર્મ તેમજ અધિકારીઓ માટે માનદ વેતન અને કેડેટો માટે રીફ્રેશમેન્ટ એલાઉન્સ નિયમસંગ્રહ (Manual) મુજબ ખર્ચ કરવામા આવશે.

૧૧. જે કેડેટ ધ્વારા બે વર્ષની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવે તેમને તે અંગેનુ પ્રમાણપત્ર આપવામાં આવશે.

૧૨. કોમ્યુનિટી ઓફીસર તરીકે ફરજ બજાવનાર શિક્ષકોને નિયમસંગ્રહ (Manual) મા જણાવ્યા મુજબ સ્પેશ્યલ એલાઉન્સ આપવમાં આવશે.

૧૩. કોમ્યુનિટી પોલીસ ઓફીસર તેમજ ડ્રીલ ઇન્સ્ટ્રકટરને દર બે વર્ષે યુનિફોર્મ આપવામાં આવશે.

૧૪ એસ.પી.સી. માર્ગદર્શિકામા જણાવ્યા પ્રમાણે હેતુઓ સિધ્ધ કરવા માટે આ પ્રોજેકટ રાજયના દરેક પોલીસ  સ્ટેશનો દીઠ એક શાળા સ્તરે શરુ કરવા માટે હુકમ કરવામાં આવે છે.

૧૫ આ પ્રોજેકટનો તમામ ખર્ચ દરેક જિલ્લા/કમિશનરેટ લેવલની સુરક્ષા સેતુ સોસાયટીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

આ સાથે એસ.પી.સી. નો નિયમસંગ્રહ સામેલ છે. તેનો અમલ એસ.પી.સી. સાથે જોડાએલ સરકારના તમામ વિભાગોએ કરવાનો રહેશે.

# સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના, ગુજરાત

## નિયમ સંગ્રહ

ગુજરાત રાજ્યમાં પંચવર્ષિય યોજના ૨૦૧૨-૧૭ અંતર્ગત કોમ્યુનીટી પોલીસીંગ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો. જેના સંદર્ભે ગૃહ વિભાગ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીની રચના કરવામાં આવી. સુરક્ષા સેતુ હેઠળની વિવિધ પ્રવૃત્તિ માંની એક પ્રવૃત્તિ સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના છે. જેને પ્રાયોગિક ધોરણે પાયલોટ પ્રોજેક્ટ તરીકે સુરત રેન્જના જિલ્લાઓની પસંદગીની શાળાઓમાં અમલમાં મૂકવામાં આવી રહી છે.

### સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના શું છે?

સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના એ સ્કુલ કક્ષાના કિશોર, કિશોરીઓના યુવાઓના વિકાસ માટેની નવતર પહેલ છે જેમાં માધ્યમિક કક્ષાનાં વિદ્યાર્થીઓમાં કાયદા પ્રત્યે આદર, શિસ્ત, આદર્શ નાગરિક ભાવના, સમાજનાં નબળા વર્ગો પ્રત્યે સહાનુભૂતિ અને સામાજીક અનિષ્ટો સામે પ્રતિકાર કરવા જેવાં ગુણોનો વિકાસ કરી મજબુત લોકશાહી સમાજનાં ભવિષ્યના નેતાઓ પેદા કરવાનો છે. આ યોજના બાળકોમાં રહેલ જન્મજાત ગુણો તથા સામર્થ્યને શોધી તેનો વિકાસ કરવામાં મદદ કરશે. નકારાત્મક અભિગમો જેવા કે, સામાજીક સહિષ્ણુતા, છેડતી, અશોભનીય વર્તન અને હિંસાનો પ્રતિકાર કરવા સશકત બનાવશે. સાથે સાથે તેમને તેમનાં કુટુંબ સમાજ તથા પર્યાવરણ પ્રત્યેની જવાબદારીઓ અવગત કરાવી મજબુત બનાવવાનો છે. ગુજરાતના સુરત રેન્જનાં જિલ્લાનાં દરેક પોલિસ સ્ટેશન વિસ્તારમાં એક-એક શાળાની પસંદગી કરી આ યોજના ગૃહવિભાગ અને શિક્ષણવિભાગના સંયુકત ઉપક્રમે તેમજ માર્ગ અને પરિવહન વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, નશાબંધી અને આબકારી તેમજ માહિતી વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ અને રમત ગમત વિભાગ, ઉર્જા વિભાગ તથા આપત્તિ વ્યવસ્થાપન તંત્રની મદદથી અમલમાં મુકવામા આવી રહી છે.

## SPC યોજનાની ખાસિયત

- આ યોજના રાજ્યનાં શૈક્ષણિક અને સુરક્ષા તંત્ર વચ્ચેનું એક સર્જનાત્મક જોડાણ સાબિત થશે. જે યુવાઓને કાયદા પ્રત્યે માન અને કાયદા પાલન સાથેનું જીવન જીવવા તૈયાર કરશે અને પ્રોત્સાહિત કરશે.
- જે વહીવટી તંત્ર અને પોલીસનાં નેતાગીરીનાં ગુણોનો ઉપયોગ કરીને યુવા વિદ્યાર્થીઓનાં શારિરીક- માનસિક અને શૈક્ષણિક વિકાસમાં મદદરૂપ થશે.
- શાળામાં સુરક્ષિત વાતાવરણનું નિર્માણ થાય છે અને શૈક્ષણિક સંસ્થાઓને સ્વૈચ્છિક રીતે આત્મવિશ્વાસું યુવાધન સાથે સશક્ત બનાવશે.
- પ્રજા અને ગણવેશધારી સત્તા વચ્ચે સારા આદાનપ્રદાનથી દેશનાં સુરક્ષિત અને સ્વસ્થ ભવિષ્યનું નિર્માણ કરવા માટે પ્રયાસ કરશે.
- સુરક્ષિત સમાજનું નિર્માણ કરવાનાં કાર્યમાં માતા-પિતા અને સામાજિક નેતૃત્વ અને પોલીસ સાથે જોડાઇ કાર્ય કરવા માટે ઉત્સાહીત કરશે.

### (૨) SPC યોજના શા માટે ?

શાળાસ્તરે SPC યોજના જેવા પ્રયાસની જરૂરીયાત એટલા માટે છે કે, આપણા દેશને તાત્વિક સામાજીક , આર્થિક અને વસ્તીવિષયક પરિબળોના સંયોજનના આધારે ભવિષ્યમાં વિશ્વસ્તરે આગળ વધારી શકાય.

**SPC યોજનાની લાક્ષણિકતા નીચે દર્શાવેલ સકારાત્મક અસરોનાં લીધે છે.**

**લોકશાહી અને કાયદા પ્રત્યે સન્માનઃ-**

લોકશાહી એ શાસન કરવાની એવી પધ્ધતિ છે. જયાં પ્રજા પોતે કાયદો ઘડે છે તેનો સ્વીકાર કરે છે અને પ્રજા માટે કાયદાકીય માળખુ આપે છે જેને આપણે કાયદો કહીએ છીએ અને પ્રજા સ્વૈચ્છિક રીતે તેનુ પાલન કરે છે. તેમાં સમાજમાં બાળકોને જન્મથી જ કાયદો પોતાના માટે છે તેવુ અનુભવે તેમજ લોકશાહીમાં બાળકોનો ઉછેર કાયદાઓને ડર બતાવ્યા વગર થાય તેવો હેતુ છે.કાયદાઓ તેમની સુરક્ષા અને સલામતિ માટે છે અને કાયદાનું પાલન કરવું તેમની સામાન્ય નાગરીક ફરજ છે તે હેતુને સિધ્ધ કરવા માટે એસ.પી.સી.યોજના જરૂરી છે.

### 2-2 લોકતાંત્રિક પોલીસ વ્યવસ્થા સામેના પડકારોઃ-

સાચા પ્રજાસત્તાક રાજ્યમાં, કાયદાના પાલનમાં પોલિસની કાર્યપધ્ધતિ ' કાયદાની અમલવારી' માંથી 'કાયદાના પાલનમાં અનુકૂળતા' પૂરી પાડવામાં ધરમુળથી પરિવર્તન પામી

છે. આજે પોલીસે સામેના પડકારોમાં વધારો થયો છે જેવાં કે સમાજમાં ઉદ્દામવાદીઓ, ત્રાસવાદીઓ અને અલગતવાદીઓ વધી રહ્યાં છે જેના લીધે સામાજિક વિસંવાદિતા તથા અસ્થિરતા વધી છે.

**2-3 વર્તમાન સમયમાં યુવાનોની સમસ્યાઓઃ-**

આજનાં યુવાનોમાં સહનશક્તિમાં ઘટાડો, અપરાધી ભાવના અને અયોગ્ય વર્તણૂકમાં વધારો થયો છે. જેના લીધે સ્વાભાવિક રીતે કૌટુંબિક બંધન તૂટી રહ્યું છે. સમાજમાં નીતિમત્તાનું ધોરણ નીચું ગયું છે અને કેફી પીણાંનો ઉપયોગ કરવા તરફ યુવાધન વળવા લાગ્યુ છે.
વિદ્યાર્થીઓની અન્ય સમસ્યાઓમાં નબળો શારિરીક બાંધો, માનસિક સહનશક્તિની ઉણપ ,આત્મવિશ્વાસનો અભાવ તથા લક્ષવિહિન જીવન આદિ છે.

**2-4 માહિતી અને કોમ્યુનિકેશન ટેકનોલોજીની અસરઃ-**

માહિતી અને કોમ્યુનિકેશન ટેકનોલોજીનો ઝડપથી વિકાસ થયો છે. તેનાથી પ્રચૂર માત્રામાં તકો ઉપલબ્ધ બની તેમજ યુવાનોનાં ભય સ્થાનોમાં વધારો થયો. પરંતુ યુવાવર્ગ પર આ ટેકનોલોજીએ ભારે આકર્ષણ જમાવ્યું તેનાથી સાયબર ક્રાઇમમાં ફસાવાનું પ્રમાણ વધ્યું છે અને મોબાઇલ ફોન ટેક્નોલોજી તથા સામાજિક મીડિયાનો દુરઉપયોગ તરફનું વલણ વધ્યું છે.

**2-5 ભારતની વસ્તીઃ એક આશીર્વાદઃ-**

આજે ભારતમાં ૫૦% વસ્તી ૨૫ વર્ષથી નાની વયનાં લોકોની છે. એવી આગાહી કરવામાં આવી છે કે ૨૦૩૦ની સાલમાં ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હશે. આશરે ૧૫૩ કરોડ જેટલી વસ્તી જેમાં ૯૫ કરોડ યુવાનો હશે. તે ૬૩ % જેટલાં થયા. આપણા દેશનાં હિતમાં આ બાબત ગણાય. ભારતીય યુવાનોને માનવ પ્રવૃત્તિની દરેક ક્ષેત્રની નેતાગીરી લઈ શકવાં સક્ષમ બનાવવાં જ પડશે.

**2-6 આદર્શ નાગરીક ભાવના ( સિવિક સેંસ), સામાજીક જવાબદારી અને તેનાં અંગેનું જ્ઞાન**

આજનો સમાજ ઘણી બધી સમસ્યાઓ જેમકે કચરાના નિકાલની નબળી વ્યવસ્થા , પર્યાવરણીય વિઘટન, કાયદા-કાનૂનની અવગણના કરવી અને બીજાનાં હક્ક પ્રત્યે અનાદર રાખવો વગેરે જોવા મળે છે. યુવાનોના અંગત વિકાસ માટે આવી સમસ્યાઓ સાથે સંપર્કમાં જીવનના શરૂઆતના તબકકામાં આવે તે જરૂરી છે જેથી તેઓ સામાજીક જવાબદારી વહન કરતા નાગરીક બની શકે અને પોતાની પ્રબળ ઇચ્છાથી સઘન પ્રયત્નો કરીને ઉપરોકત સમસ્યાનો ઉકેલ લાવીને એક ઉમદા સંસ્કારી માનવજાતિનુ નિર્માણ કરી શકે.

III **પ્રોજેક્ટનું માળખુ**

## 3-1 વિઝન અને મિશન

એસ.પી.સી. પ્રોજેક્ટનું વિઝન એવાં આદર્શ સમાજનું ઘડતર કરવાનું છે જ્યાં નાગરિકો સ્વેચ્છાથી આદરપુર્વક નિયમોનું પાલન કરે, અન્ય સાથે જવાબદારી ભર્યું વર્તન કરે, સમાજનાં નબળા વર્ગો પ્રત્યે સંવેદના રાખે, સામાજિક સમસ્યાઓનો ઉકેલ લાવવામાં ભાગ ભજવે અને કુદરતી પર્યાવરણ સામે ઝઝુમતા ભયનો પ્રતિકાર કરી રક્ષા કરે.

એસ.પી.એસ પ્રોજેક્ટનું મિશન યુવાનોની સુશુપ્ત શક્તિઓને જાગૃત કરવી અને તેમને વૈશ્વિક દ્રષ્ટિકોણ તથા માનવ મૂલ્યો ધરાવતા સક્ષમ સામાજિક આગેવાન બનાવવાંનું છે.

## 3-2 એસ.પી.એસ. પ્રોજેક્ટનાં હેતુઓઃ-

- યુવાપેઢી સ્વેચ્છાએ કાયદાનું પાલન કરે કાયદાને આદર આપે.
- આદર્શ નાગરિક ભાવના પેદા કરવી.
- બિનસાંપ્રાદાયિક વર્તન અને નિઃસ્વાર્થ સમાજ સેવા કરે તેવી યુવા પેઢીનું સર્જન કરવું.
- યુવાપેઢીની સખત મહેનત કરવાની ક્ષમતા વધે અને સિધ્ધિઓનાં સોપાનો સર કરે તે માટે સારૂ આરોગ્ય સ્વસ્થ માનસિક અને શારિરીક સ્થિતિ, આત્મસંયમ અને શિસ્તનાં વિકાસ માટે સવલતો પૂરી પાડવી
- યુવાનોને ગૃહવિભાગ અને શિક્ષણવિભાગ તેમજ માર્ગ અને પરિવહન વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, નશાબંધી અને આબકારી તેમજ માહિતી વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ અને રમત ગમત વિભાગ, ઉર્જા વિભાગ તથા આપત્તિ વ્યવસ્થાપન વિભાગ સાથે મળીને ગુના અટકાવવા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવામાં, માર્ગ સાલમતીના પ્રોત્સાહન કાર્યક્રમમાં અને આંતરિક સુરક્ષા અને કુદરતી આપત્તિ વ્યવસ્થાપનમાં મદદ કરે તેવા સક્ષમ બનાવવા
- યુવાપેઢીમાં સામાજીક વચનબધ્ધતા પેદા કરવી અને તેઓને સમાજમાં પ્રવર્તમાન અનિષ્ઠો-બદીઓ, માદક પદાર્થોનો ઉપયોગ, અસહિષ્ણુતાં, હિંસકતા, અલગાવવાદ અને આતંકવાદ વિરૂધ્ધ લડવા પ્રોત્સાહિત કરવાં
- યુવાપેઢીમાં તેમની આંતરિક શકિતનો વિકાસ કરી હકારાત્મક અભિગમ, સબળ નેતૃત્વ, ટીમવર્ક, નવીન વિચારો, તથા મુશ્કેલીઓનો સામનો કરવાની શકિત કેળવવી વિગેરે જેવાં ગુણોનું સિંચન કરવું

- યુવા પેઢીમાં ઇન્ફોર્મેશન અને કોમ્યનિકેશન ટેકનોલોજીનાં સલામત ઉપયોગ દ્વારા જ્ઞાન અને સમજમાં વધારો કરવા તેમજ તેની નકારાત્મક અને ખરાબ અસરથી બચાવવા અને વિશાળ સંભવિત ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજીનો મહત્તમ લાભ લેવાં ઉત્તેજન આપવું.

- SPC પ્રોજેક્ટ યુવાઓને બિનસાંપ્રદાયિકતાં અને અન્યોનાં મૂળભૂત અધિકારોને માન આપવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમ તેઓમાં દેશ-પ્રેમ, નિખાલસતાં, વિશાળ હૃદયી, આત્મિયતાં, કાર્યક્ષમતાં અને અસરકારકતાં જેવાં ગુણોનું આરોપણ થવાથી તેઓને ભારતનાં બંધારણમાં જણાવેલ મૂળભૂત ફરજો સ્વેચ્છાએ બજાવવા માટે તૈયાર કરે છે.

યુવા પેઢીને સ્વૈચ્છીક રીતે કાયદાનું પાલન કરતા જવાબદાર નાગરીત્વનું જ્ઞાન, લોકતાંત્રિક વર્તન, નિસ્વાર્થભાવે સમાજની સેવા કરતા કરતા કુદરતી (નૈસર્ગિક) જીવન જીવે એવી રીતે ઘડતર કરવુ

- સારી તંદુરસ્તીનો સરળળતાથી વિકાસ થાય તન અને મનનુ સ્વાસથ્ય જળવાય સ્વંયનિયત્રણ અને શિસ્ત પાળતો યુવાવર્ગ તેમની ક્ષમતા વધારે અને કઠોર પરીક્ષમ કરી તેમનુ આગવુ ભવિષ્ય ઉજ્જવળ બનાવે.

એસ.પી.સી.ના હેતુ નેશનલ યુથ પોલીસીના ધ્યેયને આવરી લે જે અનુસાર આદર્શ ભારતના નિર્માણમાં યુવા વર્ગ જોડાય અને દેશની ઉન્નતિના ભગીરથ કાર્યમાં સહાયક બને.

**3.3 - SPC નો ઉદેશ્ય–**

SPC નો ઉદેશ્ય " સેવા કરવા માટે શીખવાનું છે. " "**We Learn to serve**" સ્વચ્છંદી નહી પરંતુ સહ અસ્તિત્વ ની લાગણી જન્માવવી જથી તેઓ શિખવાની (અભ્યાસ) ની સાથે સમાજ સેવાની પણ જવાબદારી લઇ શકે, યુવાઓને ભવિષ્યમાં દેશનાં શ્રેષ્ઠ નાગરીક બનાવવા માટે આપણા રાષ્ટ્રપિતા શ્રી મહાત્મા ગાંધીએ પણ સેવાવૃતિને મહત્વ આપેલ છે. SPC નો ઉદેશ્ય બે સંદેશા આપે છે. (૧) દેશ સેવા અને (૨) સેવાના માધ્યમથી શિક્ષણ

**3.૪ - SPC નો લોગો (પ્રતિક ચિહ્ન)**

વાદળી બેકગ્રાઉન્ડમાં " SPC " ઉપસાવેલ છે. જેની ઉપર રાષ્ટ્રમુદ્રા આવેલી છે. જે ભારત દેશની અખંડિતતા અને સાર્વભૌમત્વ માટે છે. અને નીચે પીળા બેકગ્રાઉન્ડમાં "WE LEARN TO SERVE" લખેલ છે.

**3.૫ - SPC ધ્વજ**

SPC ધ્વજ વાદળી બેકગ્રાઉન્ડ પર SPC નો લોગો ઉપસાવી બનાવેલ છે. જે ધ્વજ શિસ્ત અને સર્જનાત્મકનાં આધારીત દેશની અખંડીતતા દર્શાવે છે.

૩.૬ - SPC યુનિફોર્મ

SPC ને તાલીમ તથા પ્રોજેકટ સબંધિત પ્રવૃતિઓ દરમ્યાન યુનિફોર્મ પહેરવાનો રહે છે. બે પ્રકારનાં યુનિફોર્મ નકકી કરવામાં આવેલ છે. જે નીચે દર્શાવેલ સમયે પહેવાના રહે છે.

(૧) ઇન્ડોર તાલીમ તથા અન્ય પ્રવૃતિમાં ખાખી પેન્ટ, શર્ટ બ્લેક બેલ્ટ, બ્લેક બુટ, ખાખી મોજા, બ્લ્યુ બેરેટ કેપ, વ્હીસલ સાથે ખાખી લેનયાર્ડ, SPC નો બેજ.

(૨) શારિરીક તાલીમ (આઉટડોર) સફેદ ટી શર્ટ, નેવી બ્લુ પેન્ટ, સફેદ કેન્વાસ બુટ.

- સંકળાયેલ ખાતાઓ (વિભાગો) –

૪.૧ – પોલીસ -

તમામ સમુદાયોમાં પોલીસ તંત્ર નજરે પડતો અને અલગ તરી આવતો સત્તાનો ચહેરો છે. કાયદાની અમલવારી અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી પોલીસની છે. દરેક છેવાડાનાં વિસ્તારમાં પણ પોલીસની હાજરી હોય છે અને એવું તંત્ર છે કે જે દરેક ક્ષેત્રે તમામ સમુદાયોને જોડે છે. પોલીસ કર્મચારીઓ સખત ટ્રેનિંગમાંથી પસાર થઇ શિસ્ત જાળવે છે અને સત્તાની સ્પષ્ટ શૃંખલાનું પાલન કરે છે. પોલીસ પ્રજાનાં રક્ષક તરીકે કાર્ય કરવા માટે ફરજથી જોડાયેલ છે, અને સાથે પ્રજાનાં મુળભુત અધિકારોનાં રક્ષણ માટે કાર્યરત છે. વિધાર્થીઓને ચોકકસ પણે યુનિફોર્મ વાળા સત્તાધિકારીઓ પ્રત્યે ખાસ કરીને પોલીસ માટે આદર અને આકર્ષણ હોય છે. અને વધુમાં SPCનાં અમલીકરણ માટે સરકાર વતી પોલીસ વિભાગ પોતાના કર્મચારીઓ તથા સાધનો સાથેની સરકારની શ્રેષ્ઠ સંસ્થા છે. દેશનાં ઉજવળ ભવિષ્ય માટે આજનાં યુવાનો અને પોલીસ વિભાગનું પરસ્પરનું ઉત્પાદકીય જોડાણ એ ફળદાયી રોકાણ છે.

૪.૨ – શિક્ષણ વિભાગઃ-

શિક્ષણ એ જ્ઞાનના વિકાસ શૈક્ષણિક કે અન્ય ક્ષેત્ર પૂરતું માર્યાદિત ન હોવું જોઇએ. તે વિધાર્થીઓને એક એવી રીતે ઘડતર કરનાર હોવું જોઈએ કે તેઓ સમાજમાં અન્ય લોકો સાથે સહ્રદયતાથી રહી શકે. લોકશાહીમાં શિક્ષણનાં ઉદ્દેશ પૈકીનો એક ઉદ્દેશ એ છે કે એવાં જવાબદાર નાગરિક તૈયાર કરવાં કે, તે લોકશાહી સમાજમાં સારી રીતે કાર્ય કરી શકે. ઉદારવાદી લોકશાહીમાં ખરેખર અસરકારક નાગરીકો બનાવવા માટે, વિધાર્થીઓ પાસે જ્ઞાન, ક્ષમતા અને કુદરતી ગુણો જોઇશે. જે વિશાળ સમાજમાં નૈતિક મુલ્યનું જતન કરી શકે. નાગરીકત્વ સબંધી આવું શિક્ષણ વિધાર્થીઓને એવું જ્ઞાન, વર્તણૂક અને આવડત આપે છે. જે તેઓને એવા નિર્ણયો લેવાંમાં અને પસંદગીઓ કરવામાં સક્ષમ બનાવે છે કે જે ફકત દેશ માટે જ નહી, પરંતુ સંપુર્ણ માનવજાત માટે યોગ્ય હોય. SPC નો તાલીમ કાર્યક્રમ, હાઇસ્કુલનાં વિધાર્થીઓનાં તેમના આંતરિક માળખા સાથે એવી રીતે જોડવામાં આવ્યો છે કે, તેઓને વધુ વિકસિત નાગરીક બનવા માટે પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડે. જેથી શિક્ષણ વિભાગે આ SPC પ્રોજેકટની સફળતા માટે ખુબ મહત્વની ભુમિકા ભજવવાની છે.

૪.૩ - ટ્રાન્સપોર્ટ (પરિવહન) વિભાગ

નિરંતર વધતુ જતુ રોડ – રસ્તાનું જોડાણ, વધતી જતી રોડ પરના વાહનોની સંખ્યા અને સતત વધતા રોડ – અકસ્માતોના લીધે દરેક જગ્યાએ માર્ગ સુરક્ષા અગત્યની બનેલ છે. પદયાત્રી,

393

મુસાફર અને ભવિષ્યનાં ડ્રાઇવર તરીકે રસ્તાનાં સુરક્ષિત અને જવાબદાર ઉપયોગકર્તા બનાવવા માટે યુવાઓને શરૂઆતની વયમાં જ તૈયાર કરવા પડે તેથી SPC નાં અમલ માટે પરિવહન વિભાગ પણ એક અગત્યની અને લાભ મેળવનાર એજન્સી છે.

## ૪.૪ – વન અને પર્યાવરણ  વિભાગ

અર્થપુર્ણ કુદરતી અભ્યાસ માટે સમાજને અસર કરતી પર્યાવરણને લગતી અગત્યની બાબતોથી વિધાર્થીઓને ચોકકસ માહિતગાર કરવા જોઇએ. આવા હેતુઓ માટે કાર્ય કરવુ એ જંગલ વિભાગનું કામ છે. SPC ની સફળતા અને અસરકારકતા માટે જંગલ વિભાગનાં સ્ત્રોતો માનવશકિત નો ઉપયોગ કરી શકાય કુદરતી કેમ્પ, વાતાવરણ રક્ષણ અંગેનાં વર્કશોપ તથા જૈવિક વિવિધતા અંગેનાં વર્ગો વિ. બાબતો વન અને પર્યાવરણ  વિભાગનાં અધિકારીઓ ખુબ સારી રીતે પાર પાડી શકે.

## ૪.૫ – નશાબંધી અને આબકારી વિભાગ

સમાજનાં સભ્યોમાં ખાસ કરીને યુવાઓમાં વધતો જતો માદક પદાર્થોનાં ઉપયોગને અસરકારક રીતે અટકાવવો જોઇએ. આવા પદાર્થોને લગતા: કાયદા અને નિયમો આબકારી વિભાગની વહીવટી જવાબદારી છે. સમાજનાં સભ્યોમાં આ માદક પદાર્થોનાં ઉપયોગને ઘટાડવા માટે તેમજ આ પ્રકારની જાગૃતિ લાવવા માટે આબકારી વિભાગનાં સભ્યો (કર્મચારીઓ) ની ધંધાકીય આવડત અને ઉંડુ જ્ઞાનએ અસરકારક સ્ત્રોત છે. દારૂ અને માદક પદાર્થોનાં સામાજિક દુષણો તથા સ્વાસ્થય સંબધિ જોખમોથી વિધાર્થીઓને તેનાં જીવનનાં શરૂઆતનાં તબકકામાં સમજાવી શકાય છે. અને આબકારી વિભાગ પાસે વિધાર્થીઓને આ બાબતે અસકરકારક શિક્ષણ આપવા માટે સ્ત્રોત અને આવડત બંને છે.

## ૪.૬ આરોગ્ય વિભાગ

વિદ્યાર્થીઓ સ્વાસ્થ્ય અંગે જાગૃત બની તંદુરસ્થ જીવન પ્રાપ્ત કરી આત્મ વિશ્વાસપૂર્ણ બને તે માટે આરોગ્ય અને સ્વચ્છતાનું શિક્ષણ  તેમણે બચપણમાં જ મળે તે જરૂરી છે આ કામ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવશે.

## ૪.૭ રમતગમત

વિદ્યાર્થીઓનાં  શારીરિક તથા માનસિક  વિકાસ માટે રમત ગમત ખૂબ જ મહતવની બાબત છે. તેની અવગણનાની વિપરીત અસર વિદ્યાર્થીના સ્વાસ્થ્ય  ઉપર પડી રહેલ જોવા  મળે છે.SPCના માધ્યમથી વિદ્યાર્થીઓ રમત ગમતમાં સામેલ થઇ ઉત્સાહ અને ઉલ્લાસભર્યુ જીવન જીવવાનો અભિગમ કેળવે તે માટે પ્રયાસો કરવા જરૂરી છે. આ કામ રમત ગમત વિભાગ કરશે.

## ૪.૮ કાયદા વિભાગ :-

સમાજમાં કાયદાનું સન્માન તથા નાગરીક ધર્મ વિકશે તે માટે વિદ્યાર્થીઓ વિદ્યાકાળમાં જ જાગૃત કરવા જરૂરી છે. આ કાર્ય કાયદા વિભાગ તેના કાનૂની સેવા સત્તા મંડળો દ્વારા કરશે.

### ૪.૯ ઉર્જા વિભાગ

ઉર્જાનો વધુ પડતો વપરાશ અને બગાડ પર્યાવરણને હાનિકારક છે ઉપરાંત ભવિષ્યની પેઢી માટે આ સાધનો વિલુપ્ત થઇ જાય તેવી શકયતા દેખાય રહેલ છે. આથી આ બાબતે વિદ્યાર્થીઓ જાગૃત થાય તે માટેનું કાર્ય ઉર્જા વિભાગ કરશે.

### ૪.૧૦ માહિતી વિભાગ

આ યોજનાનો લાભ યોજનાના લાભ લેનારા વિદ્યાર્થીઓ પુરતુ જ મર્યાદિત રહેવાને બદલે અન્ય વિભાગો અને તેમના માધ્યમથી સમાજને મળે ત્યા પોલીસ અને પ્રજા વચ્ચે નિકટતા વધવાને કારણે સમાજની સુરક્ષિતા વધે તે માટે માહીતી વિભાગ કામ કરશે.

### ૪.૧૧ આપત્તિ વ્યવસ્થાપન

રાજય જુદા જુદા પ્રકારની કુદરતી આપત્તિનું ભોગ અવારનવાર બનેલ છે જેથી આ અંગે વિદ્યાર્થી સભાનતા બચપણમાં જ કેળવે તે આવશ્યક છે. આ કાર્ય આપત્તિ વ્યવસ્થાપન વિભાગ કરશે.

### ૪.૧૨ સ્થાનિક સ્વરાજયની સંસ્થા(સરકાર)

સ્થાનીક સ્વરાજની સંસ્થા કચરનું નબળુ વ્યવસ્થાપન આપણા સમાજની સમસ્યા છે, સમાજમાં નાગરીક ધર્મ વિકશે તે હેતુથી વિદ્યાર્થીઓને નાનપણમાં જ આ બાબતનું મહત્વ સમજાય તે જરૂરી છે અને આ કામ નગરપાલીકા જેવી સ્વૈચ્છિક સંસ્થા કરી શકે.

ગ્રામ્ય વિસ્તારમાં જયાં નગરપાલિકા ઉપલબ્ધ ન હોય ત્યાં નજીકની નગરપાલિકાના અધિકારીનો, વિદ્યાર્થીઓનો આ અંગે શિક્ષણમાં ઉપયોગ કરવામાં આવશે.

### ૪.૧૨ – અન્ય એજન્સી અને સંસ્થાઓ

SPC પ્રોજેકટ વિદ્યાર્થીઓને જવાબદાર નાગરીક તથા લોકશાહીના આગેવાન બનાવવા માંગે છે તે માટે તેઓ પર્યાવરણ રક્ષા, માનવ અધિકાર, સ્ત્રીઓ અને નબળા વર્ગ પ્રત્યે સંવેદનશીલતા, કોમી એકતા, સાયબર સુરક્ષા આદિ વિવિધ બાબતોથી વાકેફ થઇ સભાન થાય તે જરૂરી છે જેથી સરકારના ઉપરોકત વિભાગો ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થા, સમાજના અગ્રણીઓ, સ્વાતંત્ર સેનાનીઓ, વિવિધ વિષયના નિષ્ણાંતો અને વિધવાનો, નેશનલ રૂરલ હેલ્થ મિશન, યુવા અને સાંસ્કૃતિક વિભાગ તથા ખાસ કરીને કિશોર, કિશોરીના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ તથા તેમના માટે અમલમાં હોય તેવી વિવિધ યોજનાઓની સહાય પણ SPCના અમલ માટે લેવાની રહેશે.

## ૫. – વહીવટી માળખુઃ-

SPC પ્રોજેકટ એ વિવિધ મુદ્દાઓ સાથેનો બે વર્ષનો તાલીમ કાર્યક્રમ છે. તેની સફળતા માટે સતત દેખરેખ અને મુલ્યાંકન ખુબ જ જરૂરી છે. જેથી પ્રોજેકટનાં અમલ માટે સલાહકારી કમીટી અને અમલ કરતા અધિકારીઓની સત્તા અને જવાબદારી સાથેનું બંધારણ જરૂરી છે. જે નીચે મુજબ છે.

३७४/७०५ ३३३

**૫.૧ – રાજય સ્તરની સલાહકાર કમીટી:-**

રાજય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીની એકઝિકયુટીવ કમીટી SPC યોજના માટે રાજય સ્તરની સલાહકાર સમીતી તરીકે કાર્ય કરશે. જેમાં નીચેના સભ્યો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | અધિક મુખ્ય સચિવશ્રી( ગૃહ ), | ચેરમેન |
| (૨) | અગ્રસચિવશ્રી, ( શિક્ષણ ) | સભ્ય |
| (૩) | પોલીસ મહાનિદશેક અને મુ.પો.અધિ.શ્રી | સભ્ય |
| (૪) | સચિવશ્રી,( ગૃહ) | સભ્ય |
| (૫) | અધિક પોલીસ મહાનિદેશક ( વહીવટ ) | સભ્ય |
| (૬) | નાણાં સલાહકારશ્રી, ગૃહ વિભાગ | સભ્ય |
| (૭) | પોલીસ મહાનિરીક્ષક( સ્ટેટ ક્રાઇમ રેકર્ડ બ્યુરો) | સભ્ય-સચિવ |

**૫.૨ – રાજય સ્તરની એડવાઇઝરી કમીટીનાં કાર્ય –**

- SPC પ્રોજેકટનાં વિકાસ માટે રાજય સરકારને સલાહ આપવી.
- SPC પ્રોજેકટની અમલવારી માટે સરકારનાં સબંધીત વિભાગને મદદ કરવી.
- પ્રોજેકટ નાં અગત્યનાં હોદ્દેદારો તથા સી.પી.ઓ.(કોમ્યુનીટી પોલીસ ઓફીસર) માટે ટ્રેનિંગ મોડયુલ તૈયાર થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરવી.
- SPC પ્રોજેકટનાં સમયાંતરે મુલ્યાકન સબબ જરૂરી વ્યવસ્થા કરવી.
- SPC સાથે સબંધીત પ્રકાશન અને સંશોધન કાર્યને પ્રત્સાહન આપવું.
- રાજય , જીલ્લા અને સ્કુલ લેવલે પ્રોજેકટ અનંગેનુ; રેકર્ડ નિભાવાય તે જોવું.
- દરેક સ્તરે SPC પ્રોજેકટની દેખરેખ રાખવી.
- પ્રોજેકટમાં કેડેટસની સંખ્યા વધારવા અંગે રાજય સરકારને ભલામણ કરવી.
- પ્રોજેકટનાં અમલીકરણ માટે સરકાર તથા અન્ય એજન્સી પાસેથી પુરતુ ભંડોળ ઉપલબ્ધ કરાવવું.
- પ્રોજેક્ટનો લાભ અન્ય દરેક વિદ્યાર્થીને મળે તે માટે ઉપાયો કરવા.

**૫.૩ – જીલ્લા સ્તરની એડવાઇઝરી કમીટી – જેમાં ......**

- જીલ્લા કલેકટરશ્રી - (સંરક્ષક) પેટ્રોન
- પોલીસ અધિક્ષકશ્રી - ચેરમેન

- જીલ્લા વિકાસ અધિકારી – સભ્ય
- નાયબ વન સંરક્ષકશ્રી– સભ્ય
- જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના વડા- સભ્ય
- અધિક્ષક ઇજનેરશ્રી- ડીજીવીસીએલ-સભ્ય
- જીલ્લા શિક્ષણ અધિકારી - - સભ્ય
- જીલ્લા માહિતી અધિકારી – સભ્ય
- જિલ્લા રમત ગમત અધિકારી – સભ્ય
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી- સભ્ય
- નાયબ પોલીસ અધિક્ષકશ્રી( મુખ્ય મથક)- સભ્ય સચિવ
- સુપ્રિન્ટેન્ડેન્ટ, નશાબંધી અને આબકારી ખાતું-સભ્ય
- પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી- સભ્ય

નાઓની કમીટી દરેક પોલીસ જીલ્લાઓમાં બનાવવામાં આવશે. આ કમીટી SPC સાથે જોડાયેલ તમામ શાળામાં પ્રોજેકટને સુપરવાઈઝ તથા મુલ્યાંકન કરી સહાય કરશે.

<u>૫.૪.</u> **જીલ્લા કક્ષાની સલાહકાર સમિતિનું કાર્યઃ-**

- શાળાઓમાં SPC કાર્યક્રમ માટે યોગ્ય ટેકો અને માર્ગદર્શન આપવું.
- SPC પ્રોગ્રામ લાગુ પાડી શકાય એવી શાળાઓની શાળા પસંદગી યાદી તૈયાર કરવી.
- SPC કાર્યક્રમ સારી રીતે કાર્યરત થાય એ માટે વિવિધ વિભાગો સાથે સંકલન કરવું.
- સમગ્ર જીલ્લાનાં શાળા કક્ષાનાં SPC કાર્યક્રમો ઉપર નજર રાખવી.
- SPC યોજનાની પ્રવૃતિઓ અને કાર્યક્રમો સુચારૂ રૂપે ચાલતા રહે એ માટે જીલ્લા કક્ષાના કાર્યક્રમો સુચવવા.

<u>૫.૫.</u> **શાળા કક્ષાની સલાહકાર સમિતિઃ-**

દરેક SPC યોજના અંતર્ગત ભાગ લઇ રહેલી શાળાઓમાં નીચે મુજબ કમીટી બનાવવી. જેમાં

| | |
|---|---|
| શાળાના સંચાલક | - પેટ્રન |
| પ્રિન્સિપાલ | - ચેરમેન |
| પોલીસ સ્ટેશન અધિકારી | - નિયામક |
| વાલી શિક્ષક મંડળનાં પ્રમુખ | -સભ્ય |
| રેન્જ ફોરેસ્ટ ઓફિસર | -સભ્ય |
| CHC/PHC ના મેડીકલ ઓફિસર | -સભ્ય |
| નાયબ કાર્યપાલક ઇજનેર, ડીજીવીસીએલ | -સભ્ય |
| નાયબ મામલતદાર(ડીઝાસ્ટર) | -સભ્ય |

કેળવણી નિરીક્ષક -સભ્ય

પાયકા કેન્દ્રના પ્રતિનિધિ -સભ્ય

ને સામેલ કરી સમિતિ બનાવી દરેક શાળામાં નિયુક્તિ કરવી. આ સમિતિ દર મહીને મીટીંગ ગોઠવશે અને SPC યોજના હેઠળ થતાં કામોને સમર્થન આપશે તથા તેના ઉપર નિરિક્ષણ રાખશે.

**૫.૬. શાળા કક્ષાની સલાહકાર સમિતિનું કાર્યઃ-**

- શાળામાં ચાલતા SPC કાર્યક્રમને જરૂરી માર્ગદર્શન આપવું.
- કાર્યક્રમોની અસરકારક અમલીકરણ માટે SPC યુનિટને જરૂરી ટેકો આપવો.
- SPC યુનિટ માટે જરૂરી માળખું અને ફંડ પુરૂં પાડવું.
- વિવિધ પ્રકારના SPC કાર્યક્રમો માટે PTA સાથે ચર્ચા વિચારણા કરવી.
- શાળાની ખાસ જરૂરીયાત પ્રમાણે સલાહકાર સમિતિ કાર્યક્રમો બદલી શકશે. (દા.ત. રમતગમત સ્પર્ધા વિજ્ઞાન, ગણિત, આઇ.ટી. મેળો વગેરે વખતે)

**૬. કાર્યક્રમનું અમલીકરણ**

**૬.૧. કાર્યક્રમનો પ્રારંભ અને શાળાની અનુમતિ**

જીલ્લા કક્ષાની શાળા પસંદગી સમિતિ શાળાઓનો અગ્રતાક્રમ નક્કી કરશે. આ શાળાઓએ SPC કાર્યક્રમમાં જોડાવા માટેના જરૂરી માપદંડ પૂરાં કરેલાં હોવાં જોઇએ અને SPC કાર્યક્રમના અમલીકરણમાં રસ દાખવનારી હોવી જોઇએ. D.N.O આવી શાળાઓની તાલીમ આપવાની ક્ષમતા બાબતે ચોકસાઇ કરશે અને તમામ જીલ્લાઓની શાળાઓની અગ્રતાયાદી અંતિમ ચકાસણી અને મંજુરી માટે જિલ્લા સલાહકાર સમિતિને મોકલશે.

**૬.૨ SPC શાળા બનવા માટે જરૂરી માપદંડઃ-**

- શાળાના આઠમા ધોરણમાં ન્યુનતમ ૧૦૦ વિદ્યાર્થીઓ હોવાં જોઇએ અને આ શાળા સરકારી અથવા સરકારી સહાયતા આધારિત હોવી જોઇએ. અપવાદરૂપ કિસ્સામાં નિર્ણય લેવાની સત્તા શાળા પસંદગી સમિતિની રહેશે.
- **SPC** શાળાઓમાં ક્રિયાશીલ અને સહકારની ભાવના ધરાવતું વાલી શિક્ષણ મંડળ (PTA) હોવું જોઇએ.
- ઉપરોકત સંસ્થામાં બે એવાં શિક્ષકો હોવાં જોઇએ. જેઓ કોમ્યુનિટિ પોલીસ અધિકારી તરીકે કામ કરવાની ઇચ્છા ધરાવતા હોય. આ બે શિક્ષકોમાં એક મહિલા હોવી જોઇએ.
- આ શાળામાં મેદાન તેમજ શારીરિક તાલીમ માટેની વ્યવસ્થા હોવી જોઇએ.
- આ શાળામાં **SPC** પ્રોજેકટ માટે ખાસ ઓફીસ હોવી જોઇએ. ઉપરાંત પુરૂષ અને મહીલા કેડેટ માટે અલગ-અલગ કપડાં બદલવાનાં ઓરડાઓની વ્યવસ્થા હોવી જોઇએ.

- SPC કાર્યક્રમ માટે જરૂરી તાલિમ શિબિર તેમજ કાર્યશાળામાં ભાગ લઇ રહેલ CPO (કોમ્યુનિટિ પોલીસ ઓફિસર) અને ACPO (આસીસ્ટન્ટ કોમ્યુનિટિ પોલીસ ઓફિસર) ને શાળાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવાં ઉપરાંત જરૂર પડયે ત્યારે છૂટા કરવાનાં રહેશે.
- એક પોલીસ જીલ્લામાં દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઓછા માં ઓછી એક શાળા પસંદ કરવાની રહેશે અને જો માટેના માપદંડ મુજબની શાળા ના મળે તો પાસેના પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી શાળા પસંદ કરી શકે છે.
- SPC ના અમલ અંગેનો માસીક અહેવાલ CPU તથા DI દ્વારા સંયુકતપણે નિયત નમુનામાં તૈયાર કરવામાં આવશે અને પો.સ્ટે. ઇન્ચાર્જ તથા જિલ્લા મોડલ અધિકારી તથા પો.અધિ.શ્રી દ્વારા રેન્જ વડાને મોકલવામાં આવશે.
- SPC ની કાર્યવાહીનો ત્રિમાસીક મુલ્યાંકત રીપોર્ટ પો.અધિ. દ્વારા રચવામાં આવેલ ત્રણ સભ્યોની સમીતી દ્વારા તૈયાર કરવામાં આવશે અને તે રેંજ વડાને મોકલવામાં આવશે.
- ઉપરાંત સમગ્ર રેન્જમાં તેના અમલનું મુલ્યાંકન રેન્જ વડાશ્રી સ્વતંત્ર ટીમ પાસે કરાવશે.

**૬.૩ સ્ટુડંન્ટ પોલીસ કેડેટસની પસંદગીઃ-**

- પ્રથમ વર્ષનાં કેડેટ્સ " **જુનિયર કેડેટ્સ** " તરીકે ઓળખાશે. જયારે બીજા વર્ષનાં કેડેટ્સ " **સિનિયર કેડેટ્સ** " તરીકે ઓળખાશે. તમામ બેચમાં કુલ-૪૪ કેડેટ્સ હોય શકે. એટલે કે ૨૧ + ૧ની બે પ્લાટુન થશે. સહ શૈક્ષણિક શાળાઓમાં જેમાં કિશોર -કિશોરીઓ સાથે ભણતાં હોય ત્યાં એક પ્લાંટુન માત્ર વિદ્યાર્થીનીઓની હોવી જોઇએ.
- **SPC** તરીકે પસંદગી માટે અંતિમ વાર્ષિક પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અથવા C+ ગ્રેડ મેળવેલો હોવો જોઇએ.
- શારિરીક તંદુરસ્તી અને દાકતરી રીતે ફીટ હોવો જોઇએ.
- સારી ચાલ ચલગત અંગેનું આચાર્યનું પ્રમાણપત્ર તેમજ વાલીઓનો સંમતિપત્ર રજુ કરવું પડશે.

**૬.૪ CPO / ACPO ની નિમણુંક**

દરેક SPC શાળાઓમાં બે પ્રતિબદ્ધ અને ફરજ પરસ્ત શિક્ષકો કોમ્યુનિટી પોલીસ ઓફીસર/એડિશનલ કોમ્યુનિટી પોલીસ ઓફીસર તરીકે પસંદગી પામી શકશે. જેઓ SPC કાર્યક્રમ શાળામાં અમલમાં મૂકવા માટે જવાબદાર હશે. આ બે માંથી એક મહિલા શિક્ષક હશે. કોઇ પણ વિદ્યાશાખાનાં શિક્ષકો કોમ્યુનીટી પોલીસ અધિકારી તરીકે પસંદગી પામી શકશે.

**૬.૫ ડ્રીલ ઈન્સટ્રક્ટર (કવાયત પ્રશિક્ષક) તરીકેની નિમણુંકઃ-**

SPC કેડેટોને તાલીમ આપવા માટે દરેક SPC શાળાઓમાં બે તાલીમ પામેલા પોલીસ જવાનો ડ્રીલ ઈન્સટ્રક્ટર (કવાયત પ્રશિક્ષક) તરીકે ફરજ બજાવશે. જિલ્લા સ્તરે ચીફ ડ્રીલ ઈન્સટ્રક્ટર (CDI) ની નિમણૂક કરવામાં આવશે. આ કવાયત પ્રશિક્ષકો સ્થાનિક પોલીસ મથક સાથે જોડાયેલા હશે. જેઓ SPC કાર્ય પ્રોજેક્ટ માટે ખાસ તાલીમ મેળવશે. જિલ્લાના મુખ્ય ડ્રીલ ઇન્સ્ટ્રકટર શાળાના ડ્રીલ ઇન્સ્ટ્રકટરની તાલીમ

૩૭૫/૫૯

➢ **વાર્ષિક રેન્જ/રાજયકક્ષાનો ઉનાળુ કેમ્પઃ-** દર વર્ષે જિલ્લામાંથી પસંદગી પામેલાં SPC કેડેટો માટે ચોક્કસ સ્થળે ઉનાળુ કેમ્પનું આયોજન કરી શકાય છે. આ સાત દિવસીય રેસીડેંશ્યલ (રહેઠાણ યુક્ત) શિબિરમાં જીવન કૌશલ્ય બાબતની તાલિમ શાળા, જાણીતી વ્યક્તિઓ સાથેની મુલાકાત, ઉચ્ચ સરકારી અધિકારીઓ અને રાજકીય નેતાઓ સાથેની મુલાકાત વગેરે કાર્યો કરી શકાય. વાર્ષિક રેન્જ/રાજયકક્ષાની શિબિર રાજય પોલીસ અકાદમી ખાતે ગોઠવી શકાય. -

**(૫). વ્યવહારૂ તાલીમ કાર્યક્રમોઃ-**

SPC કેડેટમાં આગેવાનીનો ગુણ વિકસાવવા માટે તથા તેમના સાથી વિદ્યાર્થીઓ માટે વિવિધ સામાજીક મુદ્દાઓ જેવા કે માર્ગ સુરક્ષા, નશાખોરી, પર્યાવરણની જાળવણી અને કાયદા અને ગુનાઓનાં વિવિધ મુદ્દાઓ બાબતે જાણકારી મળી શકે એવા વર્ગો લેવડાવવા. કેડેટ્સોને સામાજીક સેવાના કાર્યો, શાળાકીય ઉત્સવો, રમત ગમત સ્પર્ધાઓ, વાહન વ્યવહાર નિયમન વગેરે બાબતોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

**ૃ.૨ SPC તાલીમ નિયમન પ્રકીયાઃ-**

તમામ શાળાઓમાં SPC કાર્યક્રમનાં અમલીકરણ માટે સમયસર અને સતત નિયમન પ્રક્રિયા થવી જોઇએ. જેને માટે SPCનાં અધિકારીઓ દ્વારા બંધારણીય માળખામાં વિવિધ તબક્કાઓનો અહેવાલ આપવો જરૂર છે.

માસિક કાર્યની માહિતી સંયુકતપણે આપી શકે. તે સંસ્થા પોલીસ વિદ્યાર્થી લાયઝન અધિકારી (થાણા ઈંચાર્જ), જીલ્લા નોડલ અધિકારી અને જીલ્લા પોલીસ અધિક્ષક ચોક્કસ ટીપ્પણી સાથે પોલીસના સુરત રેંજ અધિકારીશ્રીને મોકલશે.

-તે સંસ્થાનાં વડાનાં રીમાર્ક્સ સહિત સુરત રેંજ અધિકારીશ્રીને મોકલવામાં આવશે તથા પોલીસ સ્ટુડન્ટ લાયઝન ઓફિસર(પોલીસ ઈન્સ્પેકટર), ડીસ્ટ્રીકટ નોડલ ઓફિસર અને પોલીસ અધિક્ષકશ્રીને પણ મોકલવામાં આવશે.- પોલીસ અધિક્ષકશ્રીએ ત્રણ સભ્યોની સમિતી બનાવી હોય તેના દ્વારા SPCની ઈન્ડોર અને આઉટડોર પ્રવુતિઓનું ત્રિમાસિક મૂલ્યાંકન અહેવાલ સ્વરૂપે આપવું.

-સમગ્ર તથા મૂલ્યાંકન અહેવાલ જિલ્લા કક્ષાની સલાહકારી કમિટી દ્વારા નીમાયેલ સ્વતંત્ર ટીમે દરેક જિલ્લાની SPCના મૂલ્યાંકન બાદ આપવાનો રહેશે.

**૮. કારોબારી માળખું**

## (૮.૧) રાજયકક્ષાએ દેખરેખ અને નિયંત્રણઃ-

રાજયકક્ષાએ દેખરેખ અને નિયંત્રણ રાજયકક્ષાની સુરક્ષા સોસાયટીની એકઝીકયુટીવ કમીટી કરશે. હાલમાં આ યોજના પાયલોટ પ્રોજેકટ તરીકે સુરત રેન્જમાં અમલમાં મુકવામાં આવશેલ હોય તેનું નિયંત્રણ સુરત રેન્જ દ્વારા કરવામાં આવશે.

(૮.૨) <u>રેન્જ કક્ષાએ નિયંત્રણ</u>

**SNO ( સ્ટેટ નોડલ ઓફિસર) ની ફરજો અને જવાબદારીઓ :-**

- રાજ્ય કક્ષાની સલાહકારી કમિટીની બેઠકોમાં ભાગ લેવો.

- આ પ્રોજેકટના અમલીકરણ માટે જિલ્લા કક્ષાના અધિકારીઓને સર્વગ્રાહી માર્ગદર્શન આપવું.

- પ્રોજેક્ટના અમલીકરણની પ્રગતિના મુલ્યાંકન બાબતે દર માસે જિલ્લા નોડલ અધિકારીની મીટીંગ યોજવી.- જિલ્લા કક્ષાને SPC યોજનાના અમલીકરણ બાબતે સમયાંતરે માર્ગદર્શિકા તથા સૂચનો આપવા.- રાજ્ય કક્ષાની સલાહકારી કમીટીએ લીધેલા નિર્ણયોનું જિલ્લા કક્ષા તથા ક્ષેત્રિય સ્તરે અમલીકરણ થાય તેની ખાતરી કરવી.

- જિલ્લા નોડલ અધિકારીઓ તથા SPC ના અન્ય અધિકારીઓને યોજનાના અમલીકરણ બાબતે સતત પ્રોત્સાહિત કરતા રહેવું.- યોજનાને મજબુત તથા સમય મર્યાદામાં અમલીકરણ સારૂ સંકલિત કરવી તથા અન્ય વિભાગો સાથે વ્યવહાર રાખવો

-જુદીજુદી કક્ષાએથી યોજનાના સહકાર માટે હિતકર્તાઓ, સમાજના નેતાઓ, હિતેચ્છુઓ પાસેથી સહકાર માટે સંપર્ક કરવો.-યોજનાની ઉચ્ચ અસરકારક્તા સારૂ તેની સંકલના સ્પષ્ટ કરીને અમલીકરણ કરાવવું.

- આ યોજનાને અસરકારક નેતૃત્વ પૂરૂ પાડીને સતત પ્રયત્નો દ્વારા વિશાળ વ્યાપમાં અસરો પહોંચાડવી.

- તાલીમ કાર્યક્રમના વિવિધ ભાગો માટે યોગ્ય વિષયવસ્તુ તૈયાર કરવા પહેલ દાખવવી.- યોજનાને આગળ વધારવા, અન્ય તાલીમ સંસ્થાઓની મુલાકાત દ્વારા તેની અમલીકરણની અસરકારકતા વધારવી.-પ્રોજેક્ટ સાથે સંકળાયેલ અધિકારીઓ માટે તાલીમના કાર્યક્રમો ગોઠવવા

-રેન્જ કક્ષાના સમર કેમ્પ માટે SPC ની ટીમને આયોજન માટે માર્ગદર્શન આપવું.

૮.૩ જિલ્લા નોડલ અધિકારી – **DNO**

- દરેક જિલ્લામાં ગેઝેટેડ કક્ષાનાં હોય તેવા એક પોલીસ અધિકારી SPC પ્રોજેક્ટ માટે જિલ્લા નોડલ અધિકારી તરીકે પોલિસ અધિક્ષકશ્રેએ દ્વારા નીમવામાં આવશે. તેમની મુખ્ય જવાબદારી જિલ્લામાં SPC યોજનાના અમલીકરણની રહેશે. જિલ્લાના SPCનાં તમામ કર્મચારીઓની તાલીમ તથા વિવિધ પ્રવુતિઓ આયોજિત કરશે. તેઓની તેમના જિલ્લાના SPC પ્રોજેક્ટના કામગીરીના અમલ બાબતનો અહેવાલ SNO ને આપવાની જવાબદારી રહેશે.

## ૮.૪ DNO ની ફરજો અને જવાબદારીઓ

- જે તે જિલ્લામાં SPC પ્રોજેકટના અમલીકરણ માટે જિલ્લા પોલીસ વડાને મદદ કરવી.- SPC પ્રોજેક્ટ અમલીકરણ કરવા શાળાઓની યાદી બનાવવી.- શાળામાં SPC પ્રોજેકટ અમલીકરણ માટે જિલ્લા કક્ષાના વિવિધ અધિકારીઓ અને વિવિધ વિભાગો સાથે સંકલન કરવું.

- વાર્ષિક આયોજન મુજબ શાળા કક્ષાએ આ યોજનાના અમલીકરણની દેખરેખ રાખવી.

-DNO એ SPC માટે ઈન્સ્પેકટર, SHO, ડ્રીલ ઈન્સ્પેકટર, હેડમાસ્ટર, CPO, ACPO ની પસંદગીમાં પૂરતું ધ્યાન આપવું- DNO વર્ષમાં એકવાર દરેક SPC શાળાની મુલાકાત લેવી અને તેનો અહેવાલ SNO તથા જિલ્લા પોલીસ વડાને આપવો.- DNO દરમાસે સર્કલ ઈન્સ્પેકટરો અને થાણા અમલદારોની મીંટીંગ બોલાવી આ યોજનાની કામગીરીની સમીક્ષા કરશે.

-આ સારૂ માસિક ક્રાઈમ કોન્ફરન્સમાં મુદ્દો લઈ શકાય.- DNO જિલ્લા કક્ષાની SPC ઓફિસના વડા રહેશે અને ત્યાં તેમણે રેકર્ડ અને રજીસ્ટરો વગેરે અધતન રાખવાના રહેશે

.- DNO સામયિક અહેવાલો મેળવશે અને સંકલિત કરીને રેન્જને મોકલશે.

- DNO એ જિલ્લા પોલીસ વડાની મંજુરીથી જિલ્લા હથિયારી એકમમાંથી અધિકારી/કર્મચારીઓ લઈ ટીમ બનાવીને આ યોજનાના પી.ટી. અને પરેડનું મુલ્યાંકન કરશે.- દરેક જિલ્લામાં વાર્ષિક સમર કેમ્પ ગોઠવવા માટે DNO જવાબદાર રહેશે.

ફીલ્ડ વીઝીટ માટેનું સ્થળ નકકી કરવુ તેમની સાથે સંકલન કરવામાં પો.સ્ટે. ઇન્ચાર્જને મદદરૂપ થવા સારા વકતા, સંસ્થા જેવા સાધનો SPC માટે ઉપલબ્ધ કરાવવા અને તે માટે પો.અધિ.શ્રીને સહાયક થવું.

### ૮.૫ પોલીસ સ્ટુડન્ટ લાયઝન ઓફિસર ( PSLO)

જ્યાં SPC શાળા છે. ત્યાંના સ્થાનિક સર્કલ ઈન્સ્પેકટરને પોલીસ સ્ટુડન્ટ લાયઝન ઓફિસર-SPC પ્રોજેક્ટ માટે નીમવામાં આવશે. આ PSLOની પોતાના કાર્યક્ષેત્ર હેઠળની શાળાઓમાં SPC પ્રોજેકટના અમલની ક્ષેત્રિય સ્તરની જવાબદારી રહેશે. PSLO એ નિયમિત રીતે પ્રોજેક્ટના અમલીકરણનો અહેવાલ DNO ને મોકલવાનો રહેશે.

### ૮.૬ PSLOની ફરજો અને જવાબદારીઓ :

- પોતાના કાર્યક્ષેત્રમાં આવતી SPC શાળામાં પ્રોજેક્ટનો સમગ્ર ચાર્જ તેમની પાસે રહેશે.-માસમાં ઓછામાં ઓછી એકવાર દરેક શાળામાં યોગ્ય નોટીસ આપી સ્કુલ લેવલ એડવાઈઝરી કમીટીની મીટીંગ બોલાવવાની રહેશે.

- PSLO એ SPCની પ્રવુતિઓ એક્ટીવીટી કેલેન્ડર મુજબ ચાલે છે. તેની ખરાઈ કરતાં રહેવું.

- PSLO એ અંગત રીતે ધ્યાન આપી હેડમાસ્ટર, CPO, ACPO, DI ની સાથે રહી વિધાર્થીઓની પસંદગી કરવી.

-શાળામાં SPC માટે કેડેટની પસંદગીના તથા ના પસંદગીનાં તમામ રેકર્ડ કારણો સહિત રાખવાં.

- PSLO દરેક SPC શાળામાં અર્ધવાર્ષિક ઈન્સ્પેકશન કરશે. તેમાં અહેવાલ DNOને મોકલશે.

- PSLO માસમાં ઓછામાં ઓછી એકવાર દરેક SPC શાળામાં PT અને પરેડ વખતે મુલાકાત કરી યોગ્ય રિમાર્ક્સ સબંધિત અધિકારીઓને મોકલશે.

- PSLO શાળા કક્ષાની સલાહકારી કમીટીના સંકલનમાં રહી દરેક શાળામાં મીની કેમ્પ આયોજન કરાય તેનું ધ્યાન રાખશે.

- PSLO દરેક SPC શાળા માટે ડ્રીલ ઈન્સ્પેકટરની નિમણુંક કરશે. તેમાંથી જો વિધાર્થીનીઓની સ્ક્વોડ હોય તો એક WCPO હશે. PSLO ખાતરી કરશે કે DI નિયમિત રીતે કેડેટ માટે SPC શાળામાં તાલીમ કાર્યક્રમના સંકલનમાં રહી ઈન્ડોર તથા આઉટડોર ક્લાસ ગોઠવવામાં મદદ કરશે.- PSLO એ દરેક SPC શાળામાં આ યોજનાનાં ભંડોળના યોગ્ય વપરાશ પર દેખરેખ રાખવાની રહેશે.

- PSLO એ ખાતરી કરવી કે માસિક કામગીરી અહેવાલ દરેક SPC શાળા તરફથી તૈયાર કરીને પદનિયુક્ત અધિકારીઓને સમયમર્યાદામાં મોકલવામાં આવે.- PSLO એ SPC યોજના સંબંધિત તમામ રેકર્ડ પોતાની કચેરીમાં નિભાવવું.- PSLO એ ઉચ્ચ અધિકારીઓ દ્વારા લેવાતા તમામ ઈન્સ્પેકશન વખતે જે તે શાળામાં હાજર રહેવું.- PSLO એ શાળા કક્ષાના કેમ્પમાં આયોજનની જવાબદારી નિભાવવાની રહેશે.

- ફીલ્ડ વીઝીટમાં મદદરૂપ થવું.

SPC યોજના વધુ અસરકારક બને તે માટે CPU સાથે સંકલનમાં રહી નવા નવા માર્ગો શોધતા રહેવું તથા સમાજમાંથી નિષ્ણાંતો તથા વકતા જેવા અન્ય સંસાધનો ઉપલબ્ધ કરાવવા.

## ૮.૭. ડ્રીલ ઈન્સ્ટ્રકટર (DI)

ASI/HC/ PC કક્ષાનાં પસંદગી પામેલા કર્મચારી ડ્રીલ ઈન્સ્ટ્રકટર DI તરીકે SPC યોજનાનાં કેડેટસને શારીરિક તાલીમ આપવાની તથા નિયમિતતા જાળવવાની જવાબદારી નિભાવશે. આ તાલીમ શાળાનાં મેદાનમાં આપવાની રહેશે. તેઓ કેડેટસને શારીરિક ક્ષમતા તથા સ્ટેમીના સાથે રાષ્ટ્રીય કક્ષાના પ્રજાસત્તાક દિવસ અને સ્વતંત્ર્ય દિવસ ઉજવણીના ફોર્મેશન માર્ચીંગ તથા પરેડ ડ્રીલમાં ભાગ લઈ શકે તે કક્ષાનું ધોરણ હાંસલ કરે તેની ખાતરી કરવાની રહેશે. SPCની સફળતા અને

તાલીમનું પરિણામ એ બાબત પર આધાર રાખે છે કે, ડ્રીલ ઈન્સ્ટ્રકટર પોતાની ફરજો અને જવાબદારીઓ અસરકારક રીતે નિભાવે.

૮.૮ DI ની ફરજો અને જવાબદારીઓ :

- DI એ જરૂરી હોય તેવી તમામ તાલીમો અને પોતાની જવાબદારી નિભાવવા સારૂ તમામ શિબીરોમાં ભાગ લેવો અને CDIનાં માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ કામગીરી કરવી- એક્ટીવીટી કેલેન્ડર મુજબ PT અને પરેડ માટે SPC શાળામાં દરેક DI એ મુલાકાત કરી તાલીમ આપવી.- DI એ શાળાની મુલાકાત દરમ્યાન સ્વચ્છ અને સુઘડ યુનિફોર્મમાં જ રહેવું.- DI એ CPO ના સંકલનમાં રહીને SPC તાલીમની તમામ પ્રવુતિઓ, મુલાકાતો અને કેમ્પ ગોઠવવાં.

- DI એ ખાતરી કરવી કે, મેદાન તથા અન્ય વ્યવસ્થાઓ તાલીમ માટે અને જરૂરી હેતુ માટે પૂરતી છે.

- DI એ કેડેટ્સની તાલીમ, પ્રવુતિઓ, મુલાકત અને કેમ્પમાં વ્યવસ્થાની જવાબદારી નિભાવવી.

- DI એ CPO ને માસિક અહેવાલ તૈયાર કરવામાં, શાળાના SPC રેકર્ડ તૈયાર કરવામાં, SPC કેડેટને તેમની ડાયરી તૈયાર કરવામાં, CPO ને અન્ય કામગીરીમાં તથા અન્ય અધિકારીઓને આ યોજનાનાં સરળ અમલીકરણમાં મદદ કરવાની રહેશે.

- DI એ SPC શાળાની મુલાકાત તથા ઈન્સ્પેકશન માટે અધિકારીઓને આયોજન કરાવવું તથા તેમના ઈન્સ્પેકશનમાં મળેલ સુચનાઓનું ફોલો-અપ કરવું.

- DI એ પોતાના સંબંધિત PSLO ને દર માસે SPCની કામગીરી બાબતનો આઉટડોર વિભાગનો તાલીમ અહેવાલ તથા ફોલો-અપ એક્શનનો અહેવાલ આપવો

.- DI એ હરેક વખતે પોતાની ફરજો અને જવાબદારીઓ નિભાવતી વખતે પોલીસને છાજે તેવાં વ્યવહાર અને હોદ્દાની ગરિમા જાળવવી.

૮.૯ કોમ્યુનિટી પોલીસ ઓફિસર (CPO)

- CPOએ SPC પ્રોજેક્ટનો ચાવીરૂપ હોદ્દો છે. શાળામાંથી બે અનુભવી અને રસ ધરાવતા તથા સામાજિક રીતે જવાબદારી ધરાવતા શિક્ષકો દરેક શાળામાં CPO તરીકે નિમવામાં આવશે. જો કે CPO પણ શારીરિક તાલીમમાં દરેક સમયે પોતે ભાગ લેશે. તે ઈચ્છનીય છે. ઉપરાંત સલાહભર્યુ છે કે, CPO યુવાન અને ૪૫ થી ઓછી ઉંમરના હોય દરેક CPO એ પોલીસ અધિકારીઓ દ્વારા અપાતી તમામ તાલીમો લેવાની રહેશે. તેઓ સબ ઈન્સ્પેકટરની માનદ રેન્ક ધરાવશે. તેઓની જવાબદારી SPCની તાલીમના સંતોષકારક પ્રગતિ માટેની રહેશે. શાળામાં તેમને તેમની જવાબદારી અને ફરજો સોપતી વખતે તેમની CPO તરીકેની કામગીરી ધ્યાને લેવાની રહેશે.

### 8.10 સી.પી.ઓ. / એ.સી.પી.ઓ.ની જવાબદારી અને ફરજો

- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ. SPC પ્રોજેકટ અંતર્ગત નકકી કરાયેલ સ્થળો જેવાકે AR કેમ્પ પોલીસ તાલીમ સંસ્થા, પોલીસ ટ્રેનીંગ કોલેજ વિગેરે સ્થળોએ તાલીમ લેશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ. તેમની શાળામાં આ પ્રોજેકટના સરળ અમલીકરણ માટે DIS અને SPC પ્રોજેકટનાં બીજા કર્મચારીઓને સહયોગ આપશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ.ને SPCનો યુનિફોર્મ ફાળવવામાં આવશે જે તેમણે SPC આધારિત કોઇપણ કાર્યક્રમમાં પહેરવાનો રહેશે.
- SPC પ્રોજેકટના ભાગરૂપે સી.પી.ઓ. / એ.સી.પી.ઓ એ નમ્રતા, વિવેક અને મોભો જાળવે એવુ વર્તન કરવાનું રહેશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ. એ જીલ્લાનાં SPCનાં વડા દ્વારા માર્ગદર્શિત દરેક તાલીમ કાર્યક્રમો, સભાઓ અને ઉદ્યોગ તાલીમમાં હાજર રહેશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ. તેમની શાળામાં SPC પ્રોજેકટના પ્રતિનિધિ તરીકે કામગીરી કરશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ. DI, PSLCS અને અન્ય અધિકારી સાથે વિદ્યાર્થીઓનાં વર્ગખંડ તાલીમ, મેદાનની તાલીમ અને કેમ્પનું આયોજન કરવામાં મદદરૂપ થવાનું રહેશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ એ બાળકોના માતા-પિતાને બાળકોની પ્રગતિ અને તેમના દેખાવ બાબતે માહિતગાર કરવાની જવાબદારી રહેશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ એ તેમની શાળામાં SPC ની તમામ માહિતીની જાળવણી કરવાની રહેશે અને દેખરેખ રાખવાની રહેશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ .એ શાળા સંચાલકોની મીટીંગમાં આ SPC યોજનાનાં અમલીકરણનો અહેવાલ રજુ કરવાનો રહેશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ SPC યોજનાની તાલીમ અને વિવિધ પ્રવૃતિઓનાં આયોજન માટે SPC યોજનાનાં અધિકારીઓ સાથે સંકલનમાં રહેશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ એ જીલ્લા સ્તરેનાં તેમજ જરૂર પડ્યે રાજય સ્તરેના કેમ્પમાં ભાગ લેવાનો રહેશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ વખતો વખત SPC યોજનાનાં કર્મચારી / અધિકારીને આ યોજનાની જુદીજુદી બાબતો અને જરૂરીયાતો બાબતે રીપોર્ટ કરશે.
- સી.પી.ઓ. / એ.સી.પી.ઓ એ SPC યોજનામાં સતત જુસ્સા સાથે કાર્યરત રહેશે અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

### IX ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ

શાળાનાં વિદ્યાર્થીઓની સઘન તાલીમ દ્વારા આ SPC યોજનાને સાકાર કરવા માટે તાલીમ આપનારા ઇન્સ્ટ્રકટરો તેમની જવાબદારીઓ નિભાવે તે જરૂરી છે. આથી આ યોજનાની વિવિધ પાસાંઓની તાલીમ સી.પી.ઓ. / એ.સી.પી.ઓ / DI અને અન્ય અધિકારીઓને મેળવવી જરૂરી છે. આ SPC યોજના દ્વારા એક એવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે કે, આ યોજના સાથે સંકળાયેલા અધિકારી/કર્મચારીઓ સતત

તાલીમ મેળવતા રહે તે માટે સીનીયર અને અનુભવી અધિકારી દ્વારા તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ તાલીમ રેન્જ વડા, પોલીસ અધિક્ષકશ્રીઓની મદદથી ગોઠવશે.

### 9.1 પાયાની તાલીમ

#### (૧) સીપીઓ / એ.સી.પી.ઓ.

સીપીઓ / એ.સી.પી.ઓ.ની ૧૪ દિવસની નીવાસી તાલીમ (રેસીડેન્સીયઈલ ટ્રેનીંગ) માં આ SPC યોજનાનાં વિવિધ પાસાઓની ઉંડાણપૂર્વકની તાલીમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કોર્ષમાં શિક્ષક/શિક્ષિકાઓ માટે ફિલ્ડ ટ્રેનીંગ કે જેમાં પરેડ, શારિરીક કસરત, અને અન્ય પ્રવૃતિઓ સમાવેશ થાય છે. SPC યોજના સાથે સંકળાયેલ સિનિયર અધિકારીઓ દ્વારા વર્ગ અને તાલીમ આપવામાં આવશે. CPO/ACPO સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરે તેમજ શારિરીક તાલીમનું મહત્વ સમજે, જેમાં અનાર્મ કોમ્બેટ (હથિયાર વગર ખાલી હાથે લડવુ) તેમજ ક્રોસ કંટ્રી ચાલમાં ભાગ લે જેથી આ તાલીમનું પરીણામ એ મળશે કે શિક્ષક/શિક્ષિકાઓ સારૂ સ્વાસ્થય પ્રાપ્ત કરે અને સકારાત્મક અભિગમનો વિકાસ થાય એ માટે આવી તાલીમ સમગ્ર રાજયમાંથી આવેલા CPO/ACPO ને (જરૂરીયાત મુજબ) પોલીસને અપાતી ટ્રેનીંગની જેમ જ આપવામાં આવે તે જરૂરી છે. તમામ CPO/ACPO એ એક વર્ષનાં નિયુકિતનાં સમયગાળામાં SPCની પાયાની તાલીમ પૂર્ણ કરવાની રહેશે.

#### (૨) ડ્રીલ ઈન્સ્ટ્રકટર અને આસિસ્ટન્ટ ડ્રીલ ઈન્સ્ટ્રકટર

આ બુનિયાદી તાલીમ કાર્યક્રમ ૭ દિવસનો આવાસી તાલીમ કાર્યક્રમ છે. જેમાં SPC કાર્યક્રમના મહત્વના મુદ્દાઓનો સમાવેશ થાય છે અને જેમાં પોલીસનાં જવાનોને માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓથી પરિચિત કરાવે છે. વ્યકિતત્વ વિકાસ, પ્રોત્સાહિત કરવાની માનસિકતા, કૌશલ્ય વિકાસ, વર્તમાન મુદ્દાઓ અને બીજા અનુરૂપ મુદ્દાઓ આ કાર્યક્રમનાં વિષયો છે. સીનીયર પોલીસ અધિકારી અને શિક્ષકો અલગ અલગ શૈક્ષણિક તાલીમ આપે છે. આ કાર્યક્રમમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોલીસનાં જવાનોને ભીન્ન ભીન્ન સામાજીક ઉત્થાનના વિષયોનું જ્ઞાન આપે છે અને વિદ્યાર્થીઓની સમસ્યાઓ ઉપર ભાર મુકવા માટે સક્ષમ કરે છે. આ તાલીમનો સારાંશ એ છે કે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને બીજા પોલીસના જવાનો જે આ કાર્યક્રમ હેઠળ તાલીમ લે છે તે ઘણાં ઉત્સાહી અને સાધન સંપન્ન હોય છે. જેથી તેઓ વિદ્યાર્થીઓ સાથે કામ કરી શકે છે અને તેઓને માર્ગદર્શન પણ પુરૂ પાડી શકે છે.

### 9.2 ઓરીએન્ટેશન કોર્ષઃ-

SPC યોજના સાથે ઉચ્ચ અધિકારીઓને પરીચિત કરાવવાનાં હેતુસર એક દિવસીય તાલીમ શિબિરનુ આયોજન કરવામાં આવે છે. જેમાં SPC કાર્યક્રમમાં અલગ અલગ એવા બધાં મુદ્દાઓને આવરીને વર્ગો લેવામાં આવે છે. આમાંનો એક અધિકારી વર્ગ એવો છે કે જેમાં જીલ્લા પોલીસ વડા, જીલ્લાના શિક્ષણ ખાતાનાં વડા અને બીજા ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે. તે જ રીતે એક દિવસીય તાલીમ

શિબિરનું આયોજન થાય છે. જેમાં જીલ્લાના નોડલ ઓફીસર, અધિક જીલ્લા નોડલ ઓફીસર, SPLO, SHO, ડ્રીલ ઈન્સ્ટ્રકટર, કોમ્યુનીટી પોલીસ ઓફીસર, શિક્ષણ સંસ્થાનાં આચાર્યો કે જેઓની નિમણુંક SPC પ્રોજેકટનાં અમલીકરણ હેતુથી થયેલ હોય છે. તેવા જંગલ ખાતાના, આબકારી વિભાગના, વાહન વ્યવહારના, અગ્નિસમનના (ફાયર અને સેફટી) અધિકારી અને બીજા સરકારી અધિકારીઓને પણ સમાવી લેવામાં આવ્યા છે.

9.3 રીફ્રેશર પ્રોગ્રામઃ-

દર વર્ષે વિવિધ અધિકારીઓના રીફ્રેશર ટ્રેનીંગ કોર્ષ પણ ચલાવવામાં આવશે. જેમાં જીલ્લાનાં નોડલ અધિકારી, PSLO, SHO, તેમજ શૈક્ષણિક સંસ્થાનાં વડાનો તાલીમ કાર્યક્રમ બે દિવસનો, ડ્રીલ ઈન્સ્ટ્રકટરનો આવાસીય તાલીમી કાર્યક્રમ ત્રણ દિવસનો અને CPO/ACPO નો આવાસી તાલીમી કાર્યક્રમ સાત દિવસ માટે છે. આ તાલીમનો હેતુ અધિકારીઓને આ યોજનાનાં વિકાસ માટે તૈયાર કરવા. તેમજ આ યોજનાના નવીનીકરણ માટે તેમનો ફીડબેક લેવો અને યોજનાના આધુનિકરણ માટે સુચનો મેળવવાનો છે અને આ યોજના સમગ્ર રાજયમાં સર્વાંગીપણે અમલમાં મુકાય તે માટેનો છે.

X. નાણાંકીય વહીવટ

10.1 નાણાંકીય સ્ત્રોતઃ-

આ યોજનાનો ખર્ચ સુરક્ષા સેતુ યોજના હેઠળ જિલ્લાને ફાળવવામાં આવેલ અનુદાનમાંથી કરવાનો રહેશે.

10.2 ફંડનો ઉપયોગઃ-

SPC યોજનાનાં તમામ નાણાંકીય વહીવટો રાજયનાં વહીવટી નિયમો અને વિનિયમોને આધારે નિયંત્રીત થશે. સરકાર દ્વારા મેળવવામાં આવતા ફંડનો અહેવાલ સલાહકારી સમિતિ દ્વારા આપવામાં આવશે.

10.3 એકાઉન્ટ અને રજીસ્ટરઃ-

શાળાનાં આચાર્યોએ આ SPC યોજનાનાં તમામ કાર્યો માટે જવાબદાર છે. આચાર્ય સરકાર દ્વારા આપવામાં આવેલા ફંડ ઓથોરાઈઝડ બેંક એકાઉન્ટમાં જમા થાય છે કે કેમ? તેની ખાત્રી/ચોકસાઈ કરવાની જવાબદારી રહેશે. તમામ ઓરીજનલ દસ્તાવેજો જેવા કે, કેશ બુક, પાસબુક, એનરોલમેન્ટ રજીસ્ટર, કેડેટ ડાયરી, વાઉચર અને રીસીપ્ટ, પ્રોજેકટ રજીસ્ટર વગેરેનો નિભાવ શાળામાં કરવાનો રહેશે. CPO એ તમામ દસ્તાવેજ અને રજીસ્ટરનો કસ્ટોડીયલ ગણાશે. તેમજ અગત્યનાં તમામ રજીસ્ટર્સની એક કોપી PSLO ની ઓફીસમાં રાખવામાં આવશે.

XII. પ્રોજેકટ કોમ્યુનીકેશન્સઃ-

12.1 વાર્ષિક પ્રોજેકટ રીપોર્ટ

૩૭/૫૯ (૨)

બરાબર થાય તે જોશે તથા આ ઇન્સ્ટ્રકટરો કેવી રીતે કામ કરશે તે માટે પો.અધિ.શ્રીની મદદ કરશે.

૬.૬ વાર્ષિક પ્રવૃતિ કેલેન્ડરઃ-

દર વર્ષે CPO/ ACPO (સામાજીક પોલીસ અધિકારી/સહાયક સામાજીક પોલીસ અધિકારી) અને ડ્રીલ ઈન્સટ્રક્ટર જે-તે શાળા માટે વાર્ષિક પ્રવૃતિ કેલેન્ડર બનાવશે. આ કાર્યક્રમ વાર્ષિક, જિલ્લા SPC પ્રવૃતિ કેલેન્ડર, માર્ગદર્શિકા અને સુચનાઓ પ્રમાણે હશે. જે જિલ્લા વ્યાપી SPC એકમોને ધ્યાનમાં રાખી બનાવેલ હશે. તેમાં તમામ તાલીમની વિગતો ઉપરાંત પ્રવૃતિઓ, શિબીરો, ક્ષેત્રિય મુલાકાતો અને વાર્ષિક કેલેન્ડરમાં દર્શાવેલી બીજી બધી પ્રવૃતિઓનું વિગતવાર સૂચિ હશે.

૬.૭ શાળાકક્ષાનાં કાર્યક્રમોની દેખરેખ

દર મહિનાની ઠરાવેલી તારીખે CPO/ ACPO (સામાજીક પોલીસ અધિકારી, સહાયક સામાજીક પોલીસ અધિકારી) તેમની શાળામાં થઇ રહેલી SPC પ્રવૃતિઓનો વિગતવાર અહેવાલ લઈ જે-તે DNO (જિલ્લા નોડલ અધિકારી) ને આપશે. આ માસિક કામગીરી અહેવાલ ખાસ પ્રકારે બનાવેલ પત્રકમાં ભરવાનો રહેશે. ડ્રીલ ઈન્સટ્રક્ટર આ કાર્યમાં CPO/ ACPO (સામાજીક પોલીસ અધિકારી/સહાયક પોલીસ અધિકારી)ની મદદ કરશે.

૬.૮ આકારણી અને મુલ્યાંકનઃ-

બે વરસના પ્રશિક્ષણ કાર્યક્રમ બાદ તમામ કેડેટ્સ શારીરિક યોગ્યતા, લેખિત પરીક્ષા અને કૌશલ્ય આધારીત પરીક્ષા આપશે. આ પરીક્ષાનાં પરીણામોને લક્ષમાં લઇને તમામ SPC ને તેમના મુલ્યાંકન પ્રમાણે ગ્રેડ આપવામાં આવશે. સફળતાપુર્વક SPC તાલીમ લેનાર ઉમેદવારને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

૭. તાલીમ કાર્યક્રમઃ-

૭.૧ ઘટકોઃ-

તમામ કેડેટ્માં તેમની જવાબદારીઓનું વહન કરવાની શક્તિ વિકસી શકે અને જ્વાબદારી પુર્વક કામ કરી શકે. પ્રોજેકટના હેતુઓ સર કરી શકે. એ માટે જરૂરી તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે. તાલીમ કાર્યક્રમોને પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

(૧) શારીરિક તાલિમ (બહારનાં વર્ગો)-

શારીરિક તાલીમ કેડેટ્સોમાં શારીરીક અને માનસિક શિસ્તની ભાવના પેદા થાય અને તેમની જવાબદારી પ્રત્યે સભાન બને એ માટે યોજવામાં આવતી હોય છે. ડ્રીલ ઈન્સટ્રક્ટરે SPC શાળાઓની મુલાકાત લઇને કેડેટ્સો માટે વાર્ષિક SPC કેલેન્ડર પ્રમાણે શારીરિક તાલીમ જેવી કે, કવાયત, પરેડ, ક્રોસ કંટ્રિ માર્ચ, યોગ વગેરે યોજવી જોઇએ.

(૨) અભ્યાસ વર્ગો:- (ઇન્ડોર તાલીમ)

ઇનડોર તાલીમ એટલા માટે જરૂરી છે કે તે દ્વારા કેડેટ્સોને પોલીસને લગતી બાબતો, કાનુની બાબતો, બંધારણીય બાબતો, સામાજીક બાબતો, રાષ્ટ્રીય બાબતો, વ્યક્તિત્વ વિકાસ જેવી બાબતોથી માહીતગાર કરી શકાય અને તે દ્વારા તેમનામાં આત્મ સન્માનની ભાવના જાગ્રત કરી શકાય તથા જવાબદાર નાગરીક બનાવી શકાય.પ્રવૃતિ કેલેન્ડર પ્રમાણે CPOS તથા DI વિવિધ વિષયો ઉપર ઇન્ડોર વર્ગનું આયોજન કરશે.

(૩) ક્ષેત્રિય મુલાકાતો:-

ઇનડોર વર્ગખંડોમાં ભણાવાતા વિષયની અસરકરકતા વધારવા માટે તથા પ્રોજેક્ટના ઉદ્દેશો હાંસલ કરવા માટે ક્ષેત્રિય મુલાકાતો લેવી જરૂરી છે. તમામ ક્ષેત્રિય મુલાકાતોનો અહેવાલ રજુ કરવો જરૂરી છે. CPO અને તાલિમ કવાયત પ્રશિક્ષક આવી ક્ષેત્રિય મુલાકાતો યોજવા માટે PSLC ને મદદરૂપ થશે.

જેમાં, દરેક SPC શાળામાં,

SPCના કેડેટને અઠવાડીયામાં ૪૫ મીનીટના ૪ - ઇનડોર પીરયડ અને ૪ આઉટડોર પીરીયડ તાલીમ આપવાની રહેશે. જુદી જુદી શાળાઓનો સમય જુદો જુદો હોય તે અંગેનું ટાઇમ ટેબલ શાળા સલાહકાર સમીતી ઘડી કાઢશે જેમાં શાળા તથા પોલીસ વિભાગ ઉપરાંત વાલીઓનો દ્રષ્ટિકોણ ધ્યાનમાં લેવામાં આવશે.

SPCનું સુચિત સમયપત્રક નીચે મુજબ છે:

વિકલ્પ-૧ :- દર બુધવારે છેલ્લા બે તાસ આઉટડોરના શનિવારે શાળા છુટયા પછી- ૪ તાસ , રવિવારે સવારે ૨-તાસ આઉટડોરના.

વિકલ્પ-૨ :- બુધવારે આઉટડોરના બે તાસ, રવિવારે સવારે -૨ આઉટડોર અને ૪- ઇન્ડોરના તાસ.

નોંધ :- બુધવારના બે તપાસ SUPW વિષયના છેલ્લા બે તાસમાં ગોઠવી શકાશે.

(૪) SPC શિબિર:-

- **નાની શિબિર:-** જુનિયર કેડેટ્સ અને સિનિયર કેડેટ્સ માટે રજાઓ દરમ્યાન ત્રણ દિવસીય શિબિરમાં ભાગ લેવો જરૂરી છે. આ પ્રકારની શિબિરો જે-તે શાળાઓમાં યોજી શકાશે. આ શિબિરો શાળાની સુવિધાને અનુરૂપ એક રહેણાંકવાળા (રોકાણવાળા) અને બે બિન રહેણાંકવાળા (આવન-જાવનવાળા) હોય શકે છે. આ પૈકી એક શીબીર દિવાળી વેકેશનમાં અને એક શીબીર અન્ય ત્રણ સળંગ રજા દરમ્યાન ગોઠવવાની રહેશે.

- **વાર્ષિક જીલ્લા કક્ષાની ઉનાળુ શિબિર:-** તમામ જીલ્લાઓમાં જુનિયર SPC માટે શૈક્ષણિક વર્ષના અંતે સાત દિવસનાં રહેઠાણવાળા કેમ્પનું આયોજન કરવામાં આવશે. આ પૈકી જિલ્લા પોલીસ મુખ્ય મથક અથવા તો જિલ્લામાં અન્ય કોઇ સ્થળે ગોઠવવાની રહેશે.

દરેક વર્ષે SPC યોજનાનો વાર્ષિક અહેવાલ તૈયાર કરાશે. જેમાં હાલની સ્થિતિ, સફળતાઓ અને યોજનાની સફળતા બાબતનો અહેવાલ તૈયાર કરાશે.

### 12.2 ત્રિમાસીક રીપોર્ટ

જીલ્લાનાં નોડલ ઓફીસર દ્વારા દર ત્રીજા મહીને SPC યોજનાની પ્રવૃતિઓ અને અન્ય માહિતી જિલ્લાનાં પોલીસ વડાંને મોકલવાની રહેશે.

### ૧૨.૩ વેબસાઇટ

વર્લ્ડ વાઇડ વેબ પર સરળ વિકલ્પો સાથે વિકસાવી એક આકર્ષક અને માળખાગત વેબસાઇટ રજુ કરવામાં આવશે. આ વેબસાઇટ પર SPC પ્રોજેકટને લગતી બધી માહિતી રજુ કરવામાં આવશે જેવી કે અધિકારીઓ અને શાળાઓના કોન્ટેક નંબર સરનામાં, પ્રોજેકટને લગતા સમાચાર અને લેખ અને કેડેટને પ્રોજેકટને લગતી અપડેટ ઇન્ટરેકટીવ સેકસન દ્વારા પુરી પાડવામાં આવશે.

### ૧૨.૪ IN House Magazine

દરેક મહિને SPC પ્રોજેકટનું એક IN House Magazine વિકસાવવામાં આવશે તેમજ તેનું મુદ્રણ થશે. તદઉપરાંત SPC પ્રોજેકટ સાથે જોડાયેલી બધી શાળાઓમાં એની વહેંચણી થશે. આ મેગેઝીનમાં SP cadets નાં અનુભવો તેમજ તેમના લેખો પ્રસિધ્ધ થશે તેમજ SNO, DNO અને બીજાં અધિકારીઓના લેખ પણ પ્રસિધ્ધ થશે. SP Cadetsનાં બહુમુખી પ્રતિભાઓ સાથેનાં ઇન્ટરવ્યુ પણ પ્રસિધ્ધ થશે જે SPC પ્રોજેકટનાં અમલીકરણમાં મહત્વનું પાસુ સાબિત થશે. આવી રીતે SPC પ્રોજેકટમાં બધા ભાગ લેનારાઓ એકબીજા સાથે સુસંગઠિત થઇ, અનુભવોનું આદાન-પ્રદાન કરી એક મજબુત ગઠબંધન રચાશે જેનો લાભ બધાં લઇ શકશે.

### ઉપસંહાર

The Student police cadet Project વધારાના પોલીસકર્મીઓ નથી બનાવતું પરંતુ પ્રોજેકટનો ઉદ્દેશ દરેક યુવાનની અંદર એક પોલીસકર્મીનો વિકાસ થાય અને દરેક પોલીસ કર્મીમાં તે આમ નાગરિક પણ છે તેવો ભાવ વિકાસ થાય એવો હેતુ છે. આથી SPC પ્રોજેકટ દીર્ઘ દૃષ્ટિ શાળા લેવલની પ્રક્રિયા છે જે દેશવ્યાપી ફાયદાઓનું સર્જન કરશે, જેવા કે આંતરિક સુરક્ષા માળખુ હ્રુષ્ટપૃષ્ઠ તેમજ સલામત સમાજ અને સ્થિર લોકશાહીનાં જવાબદારીભર્યા નાગરિકોનું સર્જન કરશે.

૪૭૧|૧૧

**સુરક્ષા સેતુ યોજના**
રાજયમાં સ્ટુડન્ટ કેડેટ પોલીસ પ્રોજેકટ શરૂ કરવા
બાબત.

ઠરાવ ક્રમાંકઃ–સરક્ષ/૧૦૨૦૧૩/૧૯૨૫/ટ
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર, તા.૧૩/૦૮/૨૦૧૪.

વંચાણમાં લીધાઃ–

૧) ગૃહ વિભાગનાતા.૨૬/૦૯/૧૨ના બે ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫, ટ

૨) ગૃહ વિભાગના તા.૨૫/૧૧/૧૩ના ઠરાવ ક્રમાંકઃ– સરક્ષ/૧૦૨૦૧૩/૧૯૨૫/ટ

૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત વિભાગ, સુરતના પત્ર ક્રમાંકઃ સ્ટુ.પો.કેડેટ/૩૬૯૦/૧૪. તા.૧૧/૦૮/૧૪.

આમુખઃ–

વંચાણમાં લીધેલ ક્રમ (૧) ઉપરના ઠરાવોથી સુરક્ષા સેતુ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. ક્રમ (૨) ઉપરના તા.૨૫/૧૧/૧૩ના ઠરાવથી રાજયમાં "સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટ"અમલમાં મુકવામાં આવેલ છે.

સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટમાં કોમ્યુનીટી પોલીસ અધિકારી તેમજ ડ્રીલ ઈન્સ્ટ્રકટરને પ્રતિ માસ કેટલુ માનદ વેતન આપવુ તે અંગે કોઈ સ્પષ્ટ રીતે જોગવાઈ કરવામાં આવેલ નથી તેથી આ કામગીરી કરનારને પ્રોત્સાહન મળી રહે તેમજ સમગ્ર રાજયમાં એક સુત્રતા જળવાય તે માટે જરૂરી સુચનાઓ બહાર પાડવા પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત વિભાગ, સુરતએ વંચાણમાં લીધેલ ક્રમ (૩) ઉપરના પત્રથી વિનંતી કરેલ છે.

વિચારણાને અંતે સમગ્ર રાજયમાં કોમ્યુનીટી પોલીસ અધિકારી તેમજ ડ્રીલ ઈન્સ્ટ્રકટરને પ્રતિ માસ માનદ વેતન આપવા બાબતમાં નીચે મુજબ ઠરાવવામાં આવે છે અને મુળ ઠરાવમાં તે મુજબ ઉમેરો કરવામાં આવે છે.

સુધારોઃ-

(૧) કોમ્યુનીટી પોલીસ અધિકારીને પ્રતિમાસ રૂા.૧૦૦૦/- માનદ વેતન આપવામાં આવશે.

(૨) ડ્રીલ ઈન્સ્ટ્રકટરને પ્રતિમાસ રૂા.૧૦૦૦/- માનદ વેતન આપવામાં આવશે.

(૩) ઉપરોકત બંન્ને બાબતો માટે સબંધિત જીલ્લા / કમિશ્નરેટ કક્ષાની સોસાયટીમાંથી ખર્ચ કરવાનો રહેશે.

મુળ ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહે છે.

આ સુચનાઓનો અમલ કરવા તથા તાબાના તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓના ધ્યાને લાવવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના નામદાર રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.વી.સુથાર)
નાયબ સચિવ

પ્રતિ,
(૧) નામદાર રાજ્ય પાલશ્રીના સચિવશ્રી.
(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
(૩) તમામ માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
(૪) સચિવાલયના તમામ અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી
(૫) સચિવાલયના તમામ વહિવટી વિભાગો
(૬)પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૭) માહિતી કમિશ્નરશ્રી, ગુ.રા. ગાંધીનગર-બહોળી પ્રસિધ્ધી આપવા વિનંતી સહ.
(૮) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
(૯) સચિવશ્રી રાજય માહિતી આયોગ, ગાંધીનગર.
(૧૦) સચિવશ્રીઅન્ય પછાત વર્ગો માટેનુ પંચ.ગુ.રા.ગાંધીનગર.
(૧૧) રજીસ્ટારશ્રી ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
(૧૨) સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ. ગાંધીનગર.
(૧૩) એકાઉન્ટન જનરલ રાજકોટ, અમદાવાદ.
(૧૪) ગૃહ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ, બોર્ડ/ નિગમો.
(૧૫) તમામ જિલ્લા કલેકટરશ્રી
(૧૬) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
(૧૭) કમિશ્નરશ્રીમધ્યાહન ભોજન અને શાળાઓની કચેરી, ગુ.રા.ગાંધીનગર.
(૧૮) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, ગુ.રા.ગાંધીનગર.
(૧૯) સભ્ય સચિવશ્રી, રાજય સુરક્ષા સેતુ સોસાયટી અને IGP શ્રી, SCRB, ગાંધીનગર.
(૨૦)તમામ પોલીસ કમિશ્નરશ્રી
(૨૧)તમામરેન્જઆઈ.જી.શ્રી
(૨૨) તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી
(૨૩)અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી.
(૨૪) સીલેકટ ફાઈલ.